# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ



॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૮ ] એપ્રીલ ૧૯૮૯ [ અંક ૨

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ–૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.

(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.

(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.

(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.

(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.


સરનામું :
કે. એન. પરીખ
મેટ્રનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ–૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૩૭૯૦૯૭

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

□

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ

□

પ્રકાશક :
શ્રી કૈલાસબ્હેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦ ૦૧૬

□

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

# આધ્યાત્મિક કેડી


વર્ષ ૮ ] • એપ્રિલ : ૧૯૮૯ • [ અંક ૨ જો

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. મોહ | શાસ્ત્રીજી | ... | ૩ |
| ૨. શેઠનાં કુકર્મોનું ટેલિવિઝન | ... | ... | ૭ |
| ૩. અધ્યાત્મની પગદંડી | ડૉ. કાન્તિલાલ કાલાણી | | ૯ |
| ૪. પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ... | ૧૩ |
| ૫. નિમંત્રણપત્રિકા | ... | ... | |
| ૬. પ્રજ્ઞા–રાજેશ પરિણયે | સતીશ ભટ્ટ | ... | ૧૭ |
| ૭. ઈશ્વર કૃપાની અનુભૂતિ ક્યારે ? | શાસ્ત્રીજી | ... | ૧૯ |
| ૮. ધનપ્રાપ્તિનો સંકેત | ... | ... | ૨૨ |
| ૯. આત્મહત્યા એ કાયરતા છે | ... | ... | ૨૪ |
| ૧૦. અમેરિકાનો કાર્યયજ્ઞ | ... | ... | ૨૬ |
| ૧૧. સમાચાર | ... | ... | ૨૮ |

□

* આપનું ૧૯૮૯ના વર્ષનું લવાજમ રીન્યુ કરાવી લેશો.
* પાંચ વર્ષનું એક-સામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.





આધ્યાત્મિક કેડી
એપ્રિલ : ૧૯૮૯

□

# મોહ

શાસ્ત્રીજી

આપણે વ્યવહારમાં વારંવાર કહીએ છીએ કે આને ઘણો મોહ છે. આ તો આના મોહમાં છે. આને તો સંસારનો મોહ જ છૂટતો નથી. એનો મોહ તો દૂર જ નથી થતો. જીવનની–સમાજની વિભિન્ન પરિસ્થિતિઓ અન્વયે આપણે આવા ઉદ્‌ગારો કાઢીએ છીએ. પણ મોહ એટલે ખરેખર શું એ વિશે આપણે કદી વિચાર કર્યો છે ખરો? આપણે એ જાણીએ છીએ કે માનવીના ષડ્‌રિપુમાં મોહનું સ્થાન છે. ગણતરી છે, તો મોહનો એવો તે શો પ્રભાવ છે, મોહની એવી તે શી મહત્તા છે કે માનવીના ષડ્‌રિપુમાં એની ગણતરી થાય છે? મોહમાં એવું કોઈ આકર્ષક તત્ત્વ છે કે જેમાં મનુષ્ય ખેંચાય છે? આપણે આ બધાનો કદાચ ક્યારેય ગંભીરતાથી વિચાર નથી કર્યો. આપણે સહજભાવે જ મોહ થયાની વાત ઉચ્ચારી નાખીએ છીએ, પણ તેની ગંભીરતા, તેની વિનાશકતાનો આપણને લેશ માત્ર પરિચય નથી.

આવો, આજે આપણે મોહનો પરિચય મેળવીએ.

મોહ એટલે આસક્તિનો – લાગણીનો અતિરેક. મનુષ્યને અન્ય મનુષ્ય માટે, પોતાના કોઈ પણ સ્વજન માટે, કોઈ પણ પરિસ્થિતિ માટે, કોઈ પણ નિર્જીવ પદાર્થ પ્રત્યે, સંપત્તિ માટે મમત્વ હોય, આસક્તિ હોય તે સમજી શકાય છે, પરન્તુ એનો જ્યારે અતિરેક થાય, મનુષ્યની આસક્તિ, લાગણી, સારાસારની, ઉચિત–અનુચિતની સમજ ગુમાવી દે ને રાતદિવસ તે તેમાં જ રમમાણ રહે ત્યારે તેને મોહ ઉત્પન્ન થયો એમ કહી શકાય.

પ્રેમ અને મોહની ભેદરેખા બહુ પાતળી હોય છે તે યાદ રહે.

અર્જુન જ્યારે યુદ્ધભૂમિમાં પોતાની સન્મુખ પોતાનાં સ્વજનોને જુએ છે, ત્યારે તે શસ્ત્રો હેઠાં મૂકી દે છે ને યુદ્ધ માટે ઇનકાર કરે છે. શ્રીકૃષ્ણ ભગવાન તેને બોધ આપે છે. આત્માની અમરતા, દેહની ક્ષણભંગુરતા, જ્ઞાન, કર્મ, યોગ, ભક્તિની ફિલસૂફી સમજાવે છે ને તે યુદ્ધ માટે તૈયાર થાય છે. અર્જુન પરિસ્થિતિના ભીતરના રહસ્યથી અજાણ હતો. સાચી પરિસ્થિતિનું ભાન થતાં યુદ્ધ માટે તૈયાર થયો.

મોહને સમજવા હું તમને એક બીજો દાખલો આપું.

સ્થિતિસંપન્ન એક પિતાએ સાધારણ ઘરે પરણાવેલી પોતાની એક દીકરીને રહેવા માટે ઘર આપ્યું. સમય સરતાં પિતાનું મૃત્યુ થયું. ભાઈએ ઘર ખાલી કરવાની બહેન પાસે ઉઘરાણી કરી. તે બહેન મારી પાસે આવ્યા. મને સમગ્ર પરિસ્થિતિ કહી સંભળાવી. તેમની હકીકત ધ્યાનમાં લેતાં મને સમજાયું કે, પૂર્વના કર્મનું આ ફળ છે. આ બહેન પતિની સામાન્ય સ્થિતિને અનુલક્ષી કદી ઘર વસાવી શકશે નહિ. આ ઘર પર તેઓનો જ અધિકાર છે, કારણ તેમના પિતાએ તેમને આપ્યું છે. ભાઈ-બહેનનો સંબંધ બગડવાની અણી પર હતો. ભાઈ કોર્ટે પણ જનાર હતો. સમગ્ર પરિસ્થિતિ જોતાં માતાજીના સંકેત પ્રમાણે મેં તેમને ઘરનો કબજો ન સોંપવા જણાવ્યું. તેમ કરતાં ભાઈએ બહેન સાથે સંબંધ કાપી નાખ્યો. જે બહેને ભાઈને હિંચકા નાખી ઝુલાવ્યો હતો, જે બહેન ભાઈને કાંખમાં લઈને ફરી હતી, તેને આમ ભાઈ સાથેનો સંબંધ કપાઈ જતાં માનસિક આઘાત લાગે તે સમજી શકાય તેમ છે. સમય જતાં એ આઘાત જીરવવાની તાકાત પણ મળવાની જ હતી. વળી માતાજીએ તે સમગ્ર કુટુમ્બનું આ બાબતમાં દશે દિશાએથી રક્ષણ કર્યું હતું. સમયના જુદા જુદા તબક્કે આ રહસ્ય સ્પષ્ટ થવા છતાં ઘા હજીયે એવો ને એવો જ તાજો છે. એમાંથી હજુ કળ વળતી નથી. આને મોહ કહીશું કે પ્રેમ? એ પ્રેમ જો તટસ્થતા નહિ ધારણ કરે તો મોહ જ બની શકે ને!

આમ કોઈ પણ સજીવ કે નિર્જીવ પાત્ર, પદાર્થ કે પરિસ્થિતિ પ્રત્યેની સ્વાભાવિક આસક્તિ, તેની ભીતરના રહસ્યને, સારાસારને, ઉચિત-અનુચિતને સ્પષ્ટ કરવા છતાં ન છૂટે, કે તટસ્થતા-સ્વસ્થતા ધારણ ન કરી શકે ત્યારે તે મોહનું રૂપ ધારણ કરે છે.

મોહનાં અનેકવિધ પરિમાણો ને પરિણામો આપણને આજુબાજુના સામાજિક પરિવેશમાંથી મળી રહે છે. 'દહેજના ખપ્પરમાં એક યુવતીનું અગ્નિસ્નાન', 'પ્રેમમાં નિષ્ફળ જતાં એક યુવતીએ ટ્રેન નીચે પડતું મૂક્યું', 'મિલકતના ઝઘડામાં ભાઈએ ભાઈનું કરેલું ખૂન' જેવા વર્તમાનપત્રોના પાને ચમકતા રહેતા સમાચારોના મૂળમાં મોહ જ રહેલો છે.

વ્યક્તિનું અજ્ઞાન, અતૃપ્ત વાસના અને પૂર્વનાં સંચિત કર્મોને પરિણામે મોહ જન્મે છે.

પદાર્થ, પાત્ર કે પરિસ્થિતિની પેલે પારનું રહસ્ય ન સમજાય ત્યારે મોહ જન્મે છે.

એક બહેને લગ્ન કર્યું. પતિ અને સાસરિયાનાં દિલ પણ જીતી લીધાં. પાછળથી પતિને લાગ્યું કે પત્ની આધુનિક નથી. પતિએ પત્નીને કહેવાતી આધુનિક ફેશનો અપનાવવા જણાવ્યું પણ સુસંસ્કૃત કુટુમ્બમાંથી સંસ્કાર, પરંપરાનાં મૂલ્યો, મર્યાદાની વિભાવના લઈને આવેલી યુવતી કહેવાતી આધુનિકતા એકદમ તો કેવી રીતે અપનાવી શકે? છતાં બહેને પ્રયત્ન કર્યો પણ તેમાં તેમને સરિયામ નિષ્ફળતા મળી. પરિણામે તેઓ પતિનો પ્રેમ ખોઈ બેઠાં. પતિએ છૂટાછેડા આપ્યા. બહેને પોતાના ભરણપોષણ અંગે એક પાઈ પણ ન લીધી. લીધી હોત તો તેમનો અધિકાર હતો. અહીં કહેવાતી આધુનિકતાના મોહમાં સુશીલ, ગુણિયલ, સંસ્કારી પત્નીનો પતિ ત્યાગ કરે છે. પત્ની સરળતાથી છૂટાછેડા આપી દે છે, એને સંસારમાં કોઈ જ મોહ નથી.

મોહ અને મોહના અભાવનું આ દૃષ્ટાંત છે.

થોડાક વખત પહેલાં પ્રેમમાં નિષ્ફળ ગયેલ એક બહેન મારી મુલાકાતે આવેલાં. તેમણે પોતાની હકીકત જણાવી અને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયાં. મેં તેમને કહ્યું, 'જુઓ બહેન! રડો નહિ. એમાં માતાજીનો કોઈ શુભ સંકેત અવશ્ય હશે. સ્વસ્થ થાવ. જીવનમાં આવી તો અનેક મુશ્કેલીઓ આવ્યા કરે. એનો

હિંમતથી સામનો કરવાનો. તમે હિંમત રાખો. માતાજીની શરણાગતિ સ્વીકારી લો. દરરોજ પાંચ માળા કરજો.'

બહેને માતાજીની શરણાગતિ સ્વીકારી. તેમને માતાજીની કૃપાના ઘણા સરસ અનુભવો થવા લાગ્યા. પાછળથી તેમને સમજાયું કે માતાજીએ મારું તમામ રીતે રક્ષણ કર્યું છે. પાછળથી તેમણે માતાજીની ભક્તિમાં પોતાનું સમસ્ત જીવન સમર્પી દીધું !

અહીં પરિસ્થિતિની ભીતરનું રહસ્ય સમજાતાં મોહ સમ્પૂર્ણ નાશ પામ્યો.

પરિસ્થિતિની ઉચિતતા સમજાતાં મોહ અવશ્ય નાશ પામે છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં ભગવાનનો બોધ સાંભળીને અર્જુન પણ કહે છે : 'મારો મોહ નાશ પામ્યો છે.'

મનુષ્યના પૂર્વનાં કર્મો મોહના ઉદ્‌ભવ માટે અવશ્ય કારણરૂપ બને છે. મનુષ્યની અધૂરી એષણા–આસક્તિ તેના જીવનના અન્તકાળે પણ પરિપૂર્ણ થતી નથી કે તેનું સ્મરણ રહે છે તો એ અધૂરી એષણાનો, આસક્તિનો સંસ્કાર તેના પછીના ભવમાં પણ તેને વળગેલો રહે છે. તે તેની પરિપૂર્તિ અર્થે પોતાના પ્રાપ્ત થયેલ જીવનમાં તે પ્રાપ્ત કરવા પ્રયાસ કરે છે.

મોહમાં લાગણી નથી હોતી, પણ લાગણીવેડા હોય છે. પ્રેમની પવિત્રતા ને સાત્ત્વિકતા મોહમાં નથી હોતી. મનુષ્યની સ્વાર્થી ને સંકુચિત ભાવનામાંથી જ મોહ જન્મે છે. લોભ પણ મોહનો જનક બની શકે છે. મોહ અશાશ્વત છે. એ મનુષ્યને તેમજ તેના સમ્પર્કમાં આવતાં ઘણાને નુકસાન પણ કરે છે.

કોઈ પણ પરિસ્થિતિ, પદાર્થ કે પાત્રની વાસ્તવિકતાનું ભાન હોય તો મોહ જન્મી શકતો નથી.

મૃત્યુ નિશ્ચિત છે. એના આઘાતમાંથી મનુષ્યે બહાર આવવું જ રહ્યું. મૃત વ્યક્તિનો મોહ માનવીને દુઃખ જ આપી શકે.

એક ભાઈની પત્ની મૃત્યુ પામી. મને કહે, 'તમે એને જીવતી કરી આપો !' મેં કહ્યું, 'ભાઈ ! મરેલી વ્યક્તિ કદી જીવતી થઈ શકે ખરી ? તને પત્નીના મૃત્યુનો આઘાત લાગે તે સમજી શકાય તેમ છે. પણ તારે એમાંથી બહાર આવવું જ રહ્યું. તારા પર બાળકોને સંભાળવાની જવાબદારી છે.'

આમ મમતાના અતિરેકમાંથી મોહ જન્મે છે. મોહમાંથી વાસના જન્મે છે. વાસનાનો એ સંસ્કાર જન્મોજન્મ સુધી મનુષ્યના અસ્તિત્વ સાથે જોડાયેલો રહે છે. આમ ચક્ર ચાલ્યા જ કરે છે.

સંસારની કોઈ વ્યક્તિ મોહપાશમાંથી મુક્ત થઈ શકતી નથી. સર્વત્ર મોહનો પ્રભાવ પથરાયેલો રહે છે.

આ મોહમાંથી વેદના, દુઃખ, વિષાદ, વિષમતા જન્મે છે. સમયે સમયે અનુભવાતી અશાંતિ ને અસ્વસ્થતા પણ મોહનું જ કારણ છે. મોહને કારણે ઔચિત્ય–અનૌચિત્યનો વિવેક નષ્ટ થઈ જતો હોવાને કારણે મનુષ્ય ન કરવાનાં કાર્યો કરી બેસે છે. જેથી મનુષ્ય પોતાના જીવનમાં બહુ મોટી નિષ્ફળતા–નુકસાન પ્રાપ્ત કરે છે. આથી જ મોહને ષડ્‌રિપુમાં સ્થાન મળ્યું છે. મોહ અન્ધ હોય છે. મનુષ્ય એથી સમજવાની શક્તિ–ક્ષમતા ગુમાવી દે છે. તેને માટે જીવન એક બોજ બની જાય છે.

આ મોહને દૂર કરવો આવશ્યક છે. એ માટે નિરપેક્ષ-નિષ્કામ ભાવ કેળવવાની જરૂર છે. આ નિરપેક્ષ–નિષ્કામ ભાવ માત્ર આધ્યાત્મિક બાબતમાં નહિ, પણ ભૌતિક જીવનમાં પણ જરૂરી છે.

જીવનમાં કોઈ પણ પ્રકારની ફળની આકાંક્ષા–અપેક્ષા ન રાખવી જોઈએ. જો કે આ ભાવ કેળવવો ખૂબ જ દુષ્કર છે પણ મોહને દૂર કરવા નિરપેક્ષ ભાવ વિશેષ જરૂરી લાગે છે. સૌને માટે અથવા અમુક સ્વજન કે વ્યક્તિ માટે પ્રેમ હોય, અમુક બાબતનો શોખ હોય તે સમજી શકાય, પણ એ પાછળ સતત દોડતા રહેવું ઉચિત નથી. એ માટે મમત્વ રાખવું પણ ઉચિત નથી. જ્યાં સુધી મમત્વ નહિ છૂટે ત્યાં સુધી મોહ દૂર થઈ શકશે નહિ. જીવનમાં પ્રત્યેક પગલે માતાજીનું સ્મરણ કરો, પ્રત્યેક ડગલે માતાજીની હાજરી જાણો ને પ્રત્યેક પગલે તેની મરજીનો પ્રથમથી જ સ્વીકાર કરી લો તો મમત્વ-મોહ જાગી શકશે નહિ. માતાજીનું સ્મરણ, તેની હાજરીનું અનુમાન ને તેની મરજીનો સ્વીકાર કરવાનો અભિગમ વ્યક્તિમાં સારાસારનો વિવેક જગાડી શકે છે. આથી જીવનમાં કોઈ અનિષ્ટનો ભોગ બનવાની ખાસ શકયતા રહેતી નથી.

મોહને દૂર કરવા આત્મનિરીક્ષણ – જાતનું મૂલ્યાંકન કરવું પણ જરૂરી છે. સત્સંગ કરવો, સાત્ત્વિક વાચનમાં ચિત્ત પરોવવું, અંતરમાં શુદ્ધ સાત્ત્વિક ભાવનાનું સેવન કરવું પણ જરૂરી છે.

મોહ દૂર ન થાય તો ભક્તિ ન કરી શકાય, એટલું જ નહિ, જીવનવ્યવહાર પણ ચાલી શકે નહિ. સ્વસ્થ ને સુખી જીવન જીવવા તેમ જ પરમતત્ત્વની – ઇષ્ટની ઉપાસના માટે મોહનો નાશ કરવો જરૂરી છે. એ માટે શ્રેષ્ઠ ઉપાય તો મનને સતત કેળવતા રહેવાનો જ છે.

□


શુભેચ્છા સહિત :

☎ ઘર : ૩૬૫૦૫
ફેક્ટરી : ૪૨૧૫૪

## ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા

દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર



# ડૉક્ટર જયંત ફેબ્રીકસ

હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર

: ફેક્ટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખટોદરા
ઉધના રોડ, સૂરત

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સૂરત-૧

# શેઠનાં કુકર્મોનું ટેલિવિઝન

ઘણા વખત પહેલાંની વાત છે.

એક વાર પોરબંદરથી મારા પર પત્ર આવ્યો. પત્ર કોઈ મોટા વેપારીનો હતો. પત્રમાં શેઠે મને મુંબઈ આવવાનું આમંત્રણ પાઠવ્યું હતું. મેં તેઓને જણાવ્યું : 'માની ઇચ્છા થાય ત્યારે જ મુલાકાત તો સંભવે, અને વળી હું ક્યાંય સામે ચાલીને તો જતો જ નથી. માની મને આજ્ઞા નથી તો મને માફ કરશો...'

ત્યાર પછી ઘણો સમય પસાર થઈ ગયો. ફરી એક દિવસ શેઠનો પત્ર આવ્યો કે હું આપને મળવા આવું છું. સમય અને તારીખ નક્કી થયા. શેઠ આવી પહોંચ્યા. શહેરની એક વિખ્યાત અને મોંઘીદાટ હોટલમાં શેઠનો ઉતારો હતો. તેમની સાથે તેમના બે અંગત માણસો પણ આવ્યા હતા. હોટલમાં નાહી પરવારી શેઠના માણસો મારું સરનામું લઈ મારે ત્યાં આવી પહોંચ્યા.

આવીને મને જણાવ્યું કે શેઠજી આવ્યા છે ને હોટલમાં આપની રાહ જુએ છે. અમે આપશ્રીને તેડવા માટે આવ્યા છીએ.

મેં કહ્યું, 'ભાઈ! શેઠજી જો મને મળવા આવ્યા હોય તો એમણે અહીં જ આવવું જોઈએ. આ કંઈ મારું ઘર નથી. માનું મંદિર છે. જેને જેને માની આશિષની જરૂર હોય એ સીધા જ અહીં ચાલ્યા આવે છે. મહત્ત્વ આમાં મારા આવવાનું નથી, માની કૃપાનું છે. અહીં આવી માની કૃપા શેઠજી યાચી જાય એમ એમને કહેશો.'

માણસો પાછા ગયા. છેવટે બીજે દિવસે મળવાનું નક્કી થયું. શેઠજી અને એમના માણસો બીજે દિવસે સમયસર મારે ત્યાં આવી પહોંચ્યા. મેં તેમને આવકાર આપી બેસાડ્યા. પરસ્પર ઓળખવિધિ થઈ. શેઠે બોલવાનું શરૂ કર્યું : 'શાસ્ત્રીજી! ગાયત્રીના ઉપાસક તરીકે આપના વિશે ખૂબ ખૂબ સાંભળ્યું છે અને તેથી આપનાં દર્શન કરી શાંતિ મેળવવા આવ્યો છું.'

મેં નમ્રતાથી કહ્યું : 'શેઠજી! એ તો બધી માની મહેરબાની છે. હું તો કેવળ એક માધ્યમ છું. માએ મને માધ્યમ તરીકેનું ગૌરવ બક્ષ્યું તે મારું મોટું અહોભાગ્ય!'

પછી તો અલકમલકની ઘણી વાતો ચાલી, પણ શેઠ પોતે શું કામે આવ્યા છે તેનો બિલકુલ ઘટસ્ફોટ કરતા નહોતા. છેવટે મારે કહેવું પડ્યું : 'આપને મારું કોઈ ખાસ કામ હતું? મને શા માટે પોરબંદર તેડાવતા હતા? તમને કોઈ તકલીફ હોય તો વાત કરો.'

'આપણે અલગ બેસીએ તો?' શેઠે સંકોચ સાથે કહ્યું.

'જરૂર, એમાં શો વાંધો હોય?' મેં ઊભા થતાં કહ્યું, 'ચાલો, અંદરના ખંડમાં જઈએ.'

બેઠા પછી શેઠે લાંબો શ્વાસ લઈ કહ્યું, 'શાસ્ત્રીજી, દુઃખ તો આમ જોઈએ તો કંઈ નથી, કોઈ વાતની ખોટ પણ નથી. પણ તકલીફ એવી થઈ છે કે, છેલ્લા સાત મહિનાથી બિલકુલ ઊંઘ આવતી નથી.'

હું તેમની સામે તાકી રહ્યો. ઉંમર ૫૦ની આસપાસ હશે, પણ વૈભવ અને સુખસગવડને કારણે શેઠ માંડ ૪૦ વર્ષના લાગતા હતા. બોલકા હતા અને એમને પોતાને વિશે વાતો કરવાનો શોખ હતો!

એમણે પોતાની મહાનુભાવિતા વર્ણવતાં કહેવા માંડ્યું : 'ધરમ-ધ્યાન, દાનપુણ્ય પણ સંપત પ્રમાણે કરું છું. હમણાં જ બેએક લાખનું દાન એક સંસ્થાને આપ્યું. અત્યાર સુધીમાં રૂ. અગિયાર લાખનું દાન મેં કર્યું હશે. આ તો જાહેર દાન થયું, પણ લોકોની મૂંઝવણમાં ગુપ્ત દાન પણ કેટલુંયે કર્યું હશે....'

શેઠની વાણી લગાતાર ચાલુ હતી. એ સાંભળતાં અચાનક મારી આંખો બંધ થઈ ગઈ. અરે, આ શું ? મારી બંધ આંખો સામે જાણે ટેલિવિઝનનાં દશ્યો શરૂ થઈ ગયાં. શેઠનાં પુણ્યદાનનાં કામોની સામે એમણે કરેલાં અનેક કુકર્મોની કથા જાણે સળંગ દશ્યમાળા રૂપે મારી આંખ સમક્ષ ફિલ્મની જેમ આવવા લાગી...છેલ્લે સાત મહિના પહેલાં શેઠે આચરેલાં અનાચારનું દશ્ય દષ્ટિ પથ સમક્ષ આવતાં હું ચમકી ઊઠયો ને મારી આંખો ખુલી ગઈ. શેઠ તો હજુ અલકમલકની વાતો ઉચ્ચાર્યે જતા હતા. તેમને રોકી મેં કહ્યું, 'શેઠ! આપને માઠું લાગે એવી વાત મારે કહેવી પડે તો મને માફ કરશો. એવી કડવી વાણી ઉચ્ચારવા પાછળ મારો કોઈ અંગત સ્વાર્થ નથી. જો કોઈ પણ આશય હોય તો તે તમારે માટે માનસિક શાન્તિની માતાજી સમક્ષ યાચના કરવાનો જ છે પણ તમારે એ કડવો ઘૂંટડો ગળવાની તૈયારી દાખવવી જ પડશે.'

શેઠનું મોં સહેજ ઝંખવાયું. પણ કહ્યા વિના છૂટકો નહોતો. તેમણે ખંચકાતે અવાજે કહ્યું, 'જરૂર, આપને યોગ્ય લાગે તે કહી શકો છો.'

મેં મારી બંધ આંખોએ દેખાયેલી શેઠનાં કુકર્મોની આખી યે હારમાળા વર્ણવી બતાવી. એકાએક શેઠ છૂટા મોંએ રડી પડયા ને માથું મારા ખોળામાં મૂકી દીધું. મેં તેમને રડવા દીધા. પછી એમને ખભે હાથ મૂકી કહ્યું, 'જુઓ, તમે માતાજીના દ્વારે આવ્યા છો. હવે પ્રતિજ્ઞા લો કે ફરી કદી યે તમારે હાથે આવો કોઈ પાપાચાર નહીં થાય. દુનિયા ભલે તમારાં સત્કર્મો જ જાણતી હોય પણ ઉપરવાળો અને તમારો અન્તરાત્મા કોઈ અનાચારથી અજાણ નથી. તમને તમારો અંતરાત્મા પીડે છે. એણે તમારી ઊંઘ હરામ કરી છે. લો, માતાજી પાસે આજથી જળ મૂકો કે કદી આવા કોઈ કામમાં તમારો હાથ નહીં ખરડાય.'

શેઠે જળ મૂકયું. મેં તેમને દરરોજ ત્રણ માળા કરવા જણાવ્યું.

પાછળથી એમનો પત્ર આવ્યો કે હવે તેમને નિરાંતે ઊંઘ આવે છે. હવે ઝબકીને જાગી જવાતું નથી. માળા ચાલુ જ છે.

આમ, વ્યક્તિનાં તમામ સારાં-માઠાં કર્મોનો પ્રભાવ તેના શરીર, મન, સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વ પર પડે છે. દુનિયાના કોઈ પણ છાને ખૂણે બેસીને કરેલ કુકર્મ સર્વવ્યાપક પરમાત્માથી અજાણ નથી. વ્યક્તિ પોતે જ અર્થાત્ તેનો અન્તરાત્મા તેનો સાક્ષી છે ને સમય આવ્યે તેનાં કર્મોની યોગ્યતા-અયોગ્યતાનું ભાન કરાવી દે છે. વ્યક્તિનો અન્તરાત્મા એ એક અરીસો છે. એમાં વ્યક્તિ સ્વયં કેવી છે તેનું પ્રતિબિંબ તે બતાવે છે. એ અરીસો જેટલો સ્વચ્છ તેટલું તેમાંનું પ્રતિબિંબ યથાર્થ. વ્યક્તિએ એ અરીસાને જેમ બને તેમ વધુ ને વધુ સ્વચ્છ રાખવાની આવશ્યકતા છે. અન્તરાત્માના અવાજની અવજ્ઞા કદી ન થવી ઘટે. અન્તરાત્માના અવાજને ઓળખી પોતાનાં કુકર્મોને પશ્ચાત્તાપની આગમાં બાળીને ભસ્મીભૂત કરવાનો પ્રયાસ કરે છે; તે જ પોતાનાં તમામ પાપોથી મુક્ત બની નિર્મળ-નિષ્પાપ થઈ શકે છે.

□

# અધ્યાત્મની પગદંડી

ડૉ. કાન્તિલાલ કાલાણી

પરમ સત્ય એકલા કર્મમાર્ગથી પામી શકાતું નથી. એકલા ભક્તિમાર્ગથી પણ તેનું રહસ્ય હાથમાં આવતું નથી. માત્ર જ્ઞાનમાર્ગથી પણ પરમાત્માને પામી શકાતા નથી. આ ત્રણેયનું સંયોજન થાય તો પણ સત્યની અનુભૂતિ, નહીં થાય. આ ત્રણેયને જે સાધક અતિક્રમી જાય છે તે જ પરમ સત્યને પામી શકે છે. આ અતિક્રમણ એટલે સર્વરીતે શાંત થઈ જવું, સર્વ પ્રકારની ભાંજગડોમાંથી અને ભ્રમોમાંથી મુક્ત થઈ જવું.

આ સ્થિતિને ભાષામાં સમજાવી શકાય તેમ નથી. ભાષાને મન સાથે સંબંધ છે અને મનને કર્મ, ભક્તિ, જ્ઞાન વગેરે સાથે સંબંધ છે એટલે એ સૌને ભાષા વડે સમજાવી શકાય. પણ આ સૌની પાર જે પરમ સત્ય રહેલું છે ત્યાં વાણી પહોંચી શકતી નથી. મન સંસાર માટે બરાબર છે, પણ પરમતત્ત્વને પામવા માટે નિરર્થક છે, કહો કે વિક્ષેપરૂપ છે. આ માટે મન બહુ નાનું પડે છે. મન આત્મશક્તિનો અનુભવ કરવા સમર્થ નથી.

વિચિત્ર ઘટના એ બની કે આત્મશક્તિએ અથવા ચેતનાશક્તિએ કે પરમ સત્યે આપણા શરીરમાં પ્રવેશ કર્યો એટલે આપણે તેને ભિન્ન ગણવા લાગ્યા. નદીના વહેતા જળમાંથી ઘડો ભરીએ અને ઘડામાંના જળને નદીના જળ સાથે સંબંધ નથી એવું માની લઈએ તેના જેવી આ વાત છે. માટીનું ઉપાદાન વચ્ચે આવવાથી નદીનું અને ઘડાનું જળ ભિન્ન છે, એવો ભ્રમ આપણામાં નિર્મિત થાય છે. વાસ્તવમાં બન્ને જળ એક જ છે. નદીનું બધું જળ પાત્રમાં આવ્યું નથી એટલે વિશાળ પ્રવાહમાં વહે છે, જ્યારે ઘડાનું જળ પાત્રને કારણે મર્યાદિત થઈ ગયું છે.

આપણી ચેતનાશક્તિ બ્રહ્માંડમાં કાર્યરત એવા મહાન ચેતનાપ્રવાહના જ એક ભાગરૂપ છે પણ શરીરમાં એનો પ્રવેશ થતાં એની ગુણવત્તા વિરાટ ચેતના જેવી જ રહે છે તેનું આપણને વિસ્મરણ થઈ ગયું છે. હકીકતે એ પરમ શક્તિ જેમ બ્રહ્માંડમાં છે તેમ આપણી અંદર પણ છે એટલે એની શોધ કરવા ક્યાંય બહાર જવું પડે તેમ નથી.

બાહ્ય જગતનો આપણો અનુભવ છે કે બે સ્થાનો વચ્ચે અન્તર હોય ત્યાં માર્ગની જરૂર પડે છે તેવી જ રીતે આપણું શરીર એક સ્થાને હોય અને આત્મશક્તિ અન્ય સ્થાને રહેતી હોય તો માર્ગની આવશ્યકતા છે પણ આ શક્તિ ખરેખર આપણાથી દૂર નથી એટલે ઋષિઓએ કહ્યું છે: 'અહં બ્રહ્માસ્મિ! હું બ્રહ્મ છું. તત્ ત્વમસિ! તું તે છે. અયમ્ આત્મા બ્રહ્મ! આ આત્મા બ્રહ્મ છે.'

જે તત્ત્વ આપણા પ્રત્યેક અણુમાં થનગની રહ્યું છે તેને આપણે બહાર શોધવા નીકળ્યા છીએ. ઘણા સમય પહેલાં સાંભળેલું એક દૃષ્ટાંત યાદ આવે છે. એક વ્યક્તિ ગુરુની શોધમાં નીકળી. ઘણા રઝળપાટ પછી એક સંતનો તેને ભેટો થયો. તેને થયું હાશ! હવે ઠરીઠામ થઈશ. તેણે સન્તને કહ્યું:

હું વર્ષોથી ગુરુની શોધમાં છું, પણ મને ગુરુ મળ્યા નથી. આપને જોયા પછી મારા મનને શાતા વળે છે. આપ મને શિષ્ય તરીકે અપનાવો તો હું ખૂબ રાજી થઈશ.' સન્તે કહ્યું : ' તમે આટલો સદ્ભાવ બતાવ્યો તેથી હું રાજી થયો છું. હું તમને સહાય કરવા તૈયાર છું. તમારા ગુરુ કેવા હશે તેનું હું વર્ણન કરી બતાવું પછી તેમને શોધવાનું કામ તમારું.'

ગુરુનું વર્ણન કરતાં સન્તે કહ્યું : ' તેઓ વૃદ્ધ હશે, છતાં તેમના મુખ પર કરચલીઓ નહીં હોય. વટવૃક્ષ નીચે બેઠા હશે. તેમની પાસે મૃગચર્મ, કમંડળ કે બીજાં સાધનો નહીં હોય. તેમણે અંગ પર એક જ વસ્ત્ર ધારણ કર્યું હશે. બરાબર કાળજી રાખજો.'

પેલી વ્યક્તિ ખૂબ રાજી થઈ. તેને થયું : ગુરુ તત્કાળ ન મળ્યા તો કાંઈ નહિ, પણ ગુરુ કેવા હશે અને કયાં બેઠા હશે તેનું પાકું માર્ગદર્શન તો મળી ગયું. પછી તે વ્યક્તિ નીકળી પડી. ઘણો સમય આજુબાજુના વિસ્તારો ખૂંદવામાં ગાળ્યો. માઈલોના માઈલો ચાલી એ વિસ્તારમાં જેટલાં વટવૃક્ષો હતાં તે બધાં જોઈ લીધાં. ફરતી ફરતી તે વ્યક્તિ મૂળ સ્થાને આવી પહોંચી. આટલી અથડામણ પછી તેની આંખ ઉઘડી. તેને સમજાયું કે સંતે જે વર્ણન કર્યું તે તેમને જ બરાબર લાગુ પડે છે. તે સન્તનાં ચરણમાં ઢળી પડી. સંતે કહ્યું, 'આવી ગયો ભાઈ? મેં કહ્યું હતું તેવા ગુરુ કયાંય ન મળ્યા ?' વ્યક્તિએ કહ્યું, ' તમે વર્ણન કર્યું તે તમને જ યથાર્થ રીતે લાગુ પડે છે. મને અગાઉથી કહ્યું હોત તો આટલું રખડત નહીં.' સન્તે તેને સમજાવતાં કહ્યું, 'મનુષ્યનું બંધારણ અતિ વિચિત્ર છે. જે એની સમક્ષ છે તે એને જલ્દી દેખાતું નથી. એની આંખનાં પડળ દૂર કરવાને બદલે એ પડળસહિત શોધ કરવા નીકળે છે. અને જીવનભર ભટકયા કરે છે. કોઈકને પોતાની ભૂલ સમજાય છે અને મૂળ મુકામને મહત્ત્વનો માની પાછો ફરે છે. ઘણા સાધકોને લાંબી રઝળપાટ પછી તેનું મિથ્યાપણું સમજાય છે. મેં ગુરુનું વર્ણન કર્યું ત્યારે હું તારી સમક્ષ જ હતો, પણ તે વખતે તારી દૃષ્ટિ પર આવરણ હતું. એટલે એ વર્ણન મને લાગુ પડે છે તે તને સમજાયું નહિ. રઝળપાટમાં તારી તીવ્રતા ખૂબ વધી ગઈ હશે એટલે આવરણ ખસી ગયું અને મને સરખી રીતે જોઈ શકયો.'

એવી જ રીતે આત્મશક્તિ આપણી અંદર જ છે, પણ આપણને તેનું વિસ્મરણ થઈ ગયું છે એટલે માર્ગની શોધ ચાલુ છે. આમ કરવા જતાં માર્ગ જડશે પણ આત્મા હાથમાં નહીં આવે, એટલે કે આત્મશક્તિનું પરિપૂર્ણ ભાન નહીં થાય. છતાં આત્માનુભૂતિ માટે ત્રણેય માર્ગને યથાતથ સમજવાની જરૂર છે. આ ત્રણમાંથી એક કે બધાય માર્ગો પર ઉત્કટતાથી ચાલવાથી વહેલો–મોડો ખ્યાલ આવે છે કે આત્માનુભૂતિ બાહ્ય સાધનોથી શકય નથી. કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ એ આખરે સાધનો છે. એ જ સર્વસ્વ નથી. આ સાધનો પ્રત્યેની આસક્તિ છૂટી જાય છે પછી જ આપણે આત્મા છીએ એવી પ્રતીતિ થાય છે.

આપણે મન, બુદ્ધિ, ચિત્ત અને અહં પર મદાર રાખી જીવન જીવીએ છીએ એટલે આપણે આપણો સંબંધ તેમની સાથે દૃઢ કરી દઈએ છીએ અને કર્મ, જ્ઞાન અને ભક્તિનાં મૂળ અનુક્રમે મન, બુદ્ધિ અને ચિત્તમાં છે તેનું વિસ્મરણ થઈ જાય છે. આપણે માત્ર મન, બુદ્ધિ, ચિત્ત અને અહં સુધી જ અન્તર્યાત્રા નથી કરવી. આ ચારેયને અતિક્રમી જઈએ ત્યારે જ સર્વથી નિર્લેપ એવા આત્માની પ્રતીતિ થાય એટલે કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગને સર્વસ્વ માની સંતુષ્ટ થઈ જઈએ તે બરાબર નથી. સાધન તરીકે તેમનું મહત્ત્વ છે.

કર્મમાર્ગ આપણી ભૂલોને શોધતાં, સુધારતાં આગળ વધવાનો માર્ગ છે. જ્ઞાનમાર્ગમાં ખોટી કે અધૂરી સમજણને અન્ધકારમાંથી બહાર કાઢી પ્રકાશમાં લઈ જવાનો પુરુષાર્થ છે. યોગમાર્ગ પ્રાણ, અન્તઃકરણ આદિ તત્ત્વોને નિયમનમાં લાવી ચોક્કસ લક્ષ્ય ભણી જવાની સાધના-ક્રિયા છે જ્યારે ભક્તિમાર્ગ સ્વનું મહત્ત્વ નામશેષ કરી નાખે છે. ભક્તમાં કર્તાભાવની હાજરી રહેતી નથી, કારણ કે અહંમાંથી જન્મતા કર્મની વ્યર્થતા તેને સમજાઈ ગઈ હોય છે.

ધર્મને મોટા ભાગનાં લોકો માર્ગ માને છે. ધર્મ આપણને વારસામાં મળેલો છે. આપણે એને જીવનભર વળગી રહીએ છીએ. આપણે બાળક હોઈએ છીએ ત્યારે આપણને કશાં વળગણો હોતાં નથી. પણ ધીમે ધીમે સમાજ આપણને પોતાની ભુજાઓમાં લપેટી લે છે. તેને લીધે કશા પુરુષાર્થ વિના, કશી શોધ વિના, કશી તાલાવેલી વિના ધર્મ જેવી બાબત હાથમાં આવી જાય છે એટલે આપણે તેનું મૂલ્ય સમજી શકતાં નથી. કોઈ પણ જાતના પુરુષાર્થ વિના જે આપણને પ્રાપ્ત થાય તેના પ્રત્યે આપણી નિષ્ઠા કેટલી તીવ્ર હોય?

ધર્મ આપણે સમજીને સ્વીકાર્યો નથી પણ આપણને વારસામાં મળેલો છે. ધર્મની આપણને વિશિષ્ટ પ્રતીતિ થઈ અને આપણે આપણા આંતરજગતને તેની સાથે જોડી દીધું છે એવું નથી. આપણે ભાગ્યે જ આચરણમાં મૂક્યો હોય છે. ધર્મનાં મૂળ ઊંડાં નથી જતાં તેનું મુખ્ય કારણ એ છે કે તેને સમજીને પસંદ કરવામાં આવ્યો હોતો નથી. સમજ્યા વિના સ્વીકારેલો ધર્મ ઘણુંખરું ઉપરછલ્લો રહે છે. એટલે તો ધર્મ ખરો પથદર્શક બની શકતો નથી.

આધ્યાત્મ માર્ગે જવા જાતે જ તૈયારી કરવી પડે છે.

બહારનું ગણિત તેના જાણકાર પાસેથી સાંભળીને શીખી શકાય છે. પાટિયા ઉપર લખીને તે કોઈ કોયડાની ચાવી બતાવે તો એ જ જાતના બાકીના કોયડા ઉકેલવાનું શક્ય બને છે. પણ જીવનના કોયડા, અનુભવ વગર સમજાતા કે ઉકેલાતા નથી.

જીવનમાં જાતે પ્રવેશ કરવો પડે છે. તો જ અધ્યાત્મમાં પદસંચાર શક્ય બને છે. અધ્યાત્મના સકલ માર્ગોનું જીવનમાંથી સર્જન થયું છે. અધ્યાત્મની ખોજમાં જીવન કેન્દ્રસ્થાને છે. આપણે જીવનથી ભાગીશું અથવા ત્રાસીશું તો અધ્યાત્મની ખોજમાં ક્યારેય સફળ નહિ થઈ શકીએ. જીવન અને અધ્યાત્મને અવિનાભાવી સંબંધ છે. જીવનને પામીને જ સર્વસ્વને પામી શકાય છે. આપણને મનુષ્ય અવતાર મળ્યો છે તે મોટામાં મોટું વરદાન છે. આ જીવન દ્વારા જ આપણે અધ્યાત્મના પરમ રહસ્યને સિદ્ધ કરવાનું છે.

જીવન એ પરમાત્માનું પૃથ્વી પરનું પ્રતિબિંબ છે, દર્પણ છે. દર્પણ દ્વારા જેમ આપણે આપણા શરીરને જોઈ શકીએ છીએ તેમ પરમાત્મા જીવન દ્વારા પોતાની ઉપસ્થિતિને પ્રગટ કરે છે. આપણે જીવનને યથાતથ જોતા નથી. એટલું નિશ્ચિત છે કે જીવન પ્રત્યે બેદરકાર રહીને, જીવનને પ્રમાદી બનાવીને, જીવનને ચીલાચાલુ કરીને કે ખાબોચિયા જેવું સંકીર્ણ બનાવીને આપણે પરમાત્માની ઝલક નહીં પ્રાપ્ત કરી શકીએ. આપણે મનના, બુદ્ધિના, ચિત્તના અને અહંના જે અતલ ઊંડાણો છે તેમાં પ્રવેશ કરવો પડશે. અન્તઃકરણની આ દીવાલને ભેદ્યા વિના ચૈતન્ય તત્ત્વની નિકટતા અનુભવવી મુશ્કેલ છે.

કશુંક છોડીએ તો જ કંઈક પ્રાપ્ત થઈ શકે છે, એવું આપણું ગણિત છે. એટલે આપણે પ્રાપ્તિ કરતાં ત્યાગ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. પણ એમાં ત્યાગ દ્વારા આપણે પકડાઈ ગયા છીએ અને પ્રાપ્તિની વાત છૂટી ગઈ છે. એટલે તો આ છોડો ને તે છોડોમાં આપણે એટલા ગૂંથવાઈ ગયા

છીએ કે ત્યાગની મથામણમાં જ આપણું જીવન પૂરું થઈ જાય છે અને જેની પ્રતીતિ કરવાની છે તે પરમ ચૈતન્યની વાત વિસરાઈ જાય છે. જો પરમાત્મા સર્વમાં રહેલા છે તો આપણે જેને જોવું છે તેવું સમજી લેવા પ્રયત્ન કરીએ. આપણું જીવન જ એમાં પથદર્શક થઈ શકે તેવું છે.

એક વખત આપણી અંદર નાનકડો દીવો પ્રગટી ઊઠે કે કામ થઈ ગયું. પછી એ દીવો જ આપણો માર્ગ અજવાળયા કરશે. એક તણખો મોટી આગ પ્રગટાવવા પૂરતો થઈ પડે છે તેમ આપણી અંદરની દીવાલમાં થોડી તિરાડ પડી કે કામ સહેલું થઈ ગયું! તેમાંથી પવનની લહેરખીઓ આવશે અને પ્રકાશ પણ આવશે.

આપણે કંઈક જાણીએ છીએ એવું મનમાં હશે ત્યાં સુધી અધ્યાત્મ માર્ગે ગતિ થઈ શકશે નહિ. પ્રથમ ખાલી થઈ જવું પડશે. અહંકારને ઓગાળી નાખ્યા વિના અધ્યાત્મમાર્ગમાં પ્રવેશ થતો નથી. ખાલી આત્માની કે પરમાત્માની વાતો કરવાનો અર્થ નથી. એમના વિશે કોઈ કલ્પના કે ધારણા કરવાથી પણ ખરી તાલાવેલી જન્મતી નથી. આપણામાં એક મહામૂલ્યવાન ખજાનો ગુપ્ત રીતે પડયો છે; ચૈતન્યનું પરમ રહસ્ય આપણી અંદર જ ઢબુરાઈને પડ્યું છે એમ કહેવા કરતાં એમ કહું કે આપણા રૂંવે રૂંવે ચૈતન્યનો મહાસાગર હિલોળે ચડયો છે. આપણા શ્વાસઉચ્છવાસમાં એમની નિત્ય આવ-જા છે ત્યારે આપણે તેને બહાર શોધી રહ્યા છીએ. મનુષ્યે જીવનની આ કરુણાંતિકા છે. જે પોતાને પામે છે તે સર્વસ્વને પામી જાય છે.

□


મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

**NARENDRA PROCESSING INDUSTRIES**


Tele. : Factory : 41177 * Resi. : C/o 42689

33-1, Plot No. 1, Behind Sub-Jail, Khatodra,
SURAT - 395 002

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....

પ્રારંભાઈ રહેલા શિયાળાની એક ઢળતી સાંજે અમે કેટલાંક ભાઈ-બહેનો પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં તેમની કૂટિરમાં બેઠાં હતાં. વાતાવરણમાં ઠંડક પ્રસરી ચૂકી હતી. ગુરુદેવ મૌન બની અગોચરની ગહનતામાં સરી પડયા હોય તેમ લાગતું હતું. તેમની આંખો ખુલ્લી હતી, પણ સૂક્ષ્મ સ્વરૂપે તેઓ ક્યાંક ખોવાઈ ગયેલા લાગતા હતા. હિંચકો આછો આછો ઝૂલી રહ્યો હતો. આગન્તુક તરફ એક દૃષ્ટિ કરી આશિષની મુદ્રામાં હાથ ઊંચો કરી લેતા હતા. ગુરુદેવના મૌનની સાથે સાથે સૌ ભાઈ-બહેનો પણ જાણે કોઈ અગોચરની ઊંડી મસ્તીમાં લીન બની બેઠાં હતાં. કોઈ કોઈની સાથે બોલતું નહોતું. છતાં એક પ્રકારની ભવ્ય શાંતિ, આહ્લાદકતા ને સભરતાની ગાઢ અનુભૂતિમાં સૌ સ્તબ્ધ થઈ ગયાં હતાં.

એવામાં જ ભાઈ શ્રી મહેન્દ્રભાઈએ પ્રવેશ કર્યો. તેમની સાથે બીજા બે ભાઈઓ ને બહેનો પણ હતાં. ભાઈ મહેન્દ્રભાઈ આમ તો ઘણાં વર્ષોથી ગુરુદેવ પાસે આવે છે. ગુરુદેવના આશીર્વાદ ને માર્ગદર્શન વિના તેઓ કોઈ કાર્ય કરતા નથી. આજે તેઓ તેમની બહેનને લઈને ગુરુદેવ પાસે આવ્યા હતા.



પણ આ શું ! કુટિરમાં પ્રવેશનાં જ બહેને એકદમ બરાડા પાડવા શરૂ કરી દીધા. મહેન્દ્રભાઈ ને તેમના બનેવી બહેનને શાસ્ત્રીજી પાસે લઈ આવવા પ્રયત્ન કરી રહ્યા હતા, પણ બહેન ન જવા માટે બળ વાપરી રહ્યાં હતાં.

બહેનના બરાડા હજુ ચાલુ જ હતા. તેમનું આખું શરીર જાણે ધ્રૂજી-ધ્રૂણી રહ્યું હતું. કુટિરના પ્રવેશદ્વાર પાસે મૂકેલ બાંકડા પર જ તેઓ ફસડાઈ પડયાં.

મહેન્દ્રભાઈ ગુરુદેવની સામે ખુરશીમાં ગોઠવાઈ ગયા. ગુરુદેવે તેમને કહ્યું કે એમને પકડીને લઈ આવો પરંતુ મહેન્દ્રભાઈએ તો ગુરુદેવને ના જ કહી દીધી.

પાસે ઊભેલા કાર્યકર્તાભાઈને ગુરુદેવે સૂચના આપી કે બહેનને બેસવા માટે ખુરશી આપો. તેમને ખુરશી આપવામાં આવી પણ બહેન તો બાંકડા પર જ બેસી રહ્યાં. તેમનું સમગ્ર સ્વરૂપ વિકરાળ લાગી રહ્યું હતું. તેઓ એક જ વાત બોલી રહ્યા હતા : હું નહિ આવું, હું નહિ આવું.

ગુરુદેવે દૂરથી જ આશીર્વાદ આપ્યા. જળ અભિમંત્રિત કરી આપ્યું ને તેમને પીવડાવવા તેમ જ તેમના પર છાંટવા જણાવ્યું. ગુરુદેવના સૂચન પ્રમાણે તેમ કર્યું. તેમની ચીસો ચાલુ જ હતી. તેઓ બોલી રહ્યાં હતાં : હું નહિ જાઉં! હું જવા માટે નથી આવી!...

ગુરુદેવે તેમને તે જ હાલતમાં બાંકડા પર બેસી રહેવા દીધાં.

દરમિયાનમાં તેમની સાથે આવેલ મહેન્દ્રભાઈ વગેરેએ જણાવ્યું કે, આસો માસના નવરાત્રમાં ગરબે ઘૂમી આવ્યા પછી અચાનક તેઓ માંદાં પડયાં. તાવ આવ્યો. ખોરાક લેવાતો બંધ થઈ ગયો ને પછી તો સૂનમૂન બેસી રહે છે. ઘરનું કોઈ જ કામકાજ નથી કરતાં. ગાંડપણ આવ્યું હોય તેમ અસંબદ્ધ વાત બોલ્યા કરે છે.

ગુરુદેવે તેમને જળ અભિમંત્રિત કરી આપ્યું તેમ જ અન્ય સૂચનો કર્યાં ને ગાયત્રી-મંત્ર જપનો આદેશ આપ્યો.

પન્દર-વીસ મિનિટ પછી ગુરુદેવે બહેનને નજીક લઈ આવવા જણાવ્યું ને કહ્યું : એને બળજબરી ન કરશો. એની મેળે આવે તો આવવા દો. બે જણા બહેનને ટેકો આપવાનો પ્રયત્ન કરી ગુરુદેવ સમીપ લઈ આવ્યાં. ગુરુદેવની નજીક આવતાં જ તેઓ ફસડાઈ પડયાં. ગુરુદેવનાં ચરણોમાં આળોટી પડયાં. બહેનનું મસ્તક ગુરુદેવનાં ચરણોને અડી રહ્યું હતું. ગુરુદેવે નીચા નમી તેમના માથે થોડીક પળો હાથ મૂકી રાખ્યો. માથે પ્રેમાળ હાથ ફેરવી સધિયારો આપતાં કહ્યું : 'ઊઠો બહેન! તમને કશું જ નથી. બધું જ મટી જશે. મટી ગયું છે. સ્વસ્થ થઈ જાવ.' કૈલાસબહેને તેમને થાબડીને બેઠાં કર્યાં. બહેને ગુરુદેવ સામે નજર માંડી કે ગુરુદેવે પૂછ્યું : બોલો બહેન! તમને શું થાય છે? બહેને કહ્યું : મારા દાંત મોટા થઈ જાય છે. મારા દિલમાં અગન બળે છે...હું નથી જવાની...હું જવા માટે નથી આવી...

બહેનના વિખરાયેલા વાળને કૈલાસબહેને સરખા કરી આપી જણાવ્યું : જુઓ બહેન! ગુરુદેવે તમને આશીર્વાદ આપી શક્તિ પ્રદાન કર્યું છે. તમને હવે કંઈ નહિ થાય. તમે સ્વસ્થ થઈ જાવ. પ્રેમથી સહાનુભૂતિના કંઈ કેટલાય શબ્દો કૈલાસબહેને તેમને કહ્યા. બહેનમાં થોડીક સ્વસ્થતા આવી જણાતી હતી.

ઘડિયાળનો કાંટો આઠ તરફ ગતિ કરી રહ્યો હતો. ગુરુદેવે કૈલાસબહેન તરફ આરતી-સ્તુતિ કરવાનો ઇશારો કર્યો બેઠેલાં ભાઈ-બહેનોને આરતી-સ્તુતિની પુસ્તિકા અપાઈ ગયા પછી એક સાથે

લગ્ન નિમંત્રણ-પત્રિકા

॥ श्री गणेशाय नमः ॥



॥ कुर्यात् सदा मंगलम् ॥

॥ શ્રી ગણેશાય નમઃ ॥



સહસા આવી મળ્યો
સંકેત માત ગાયત્રી તણો
વળાવી દે પિન્કીને સાસરવાસે
ને ઝબક્યો નિજ તન્દ્રામાંથી
આવી પૂગ્યાં ઝળઝળિયાં નેત્રોમાં
પણ કેમ ઠેલાય સંકેત માતનો ?
તેડાવ્યા જોશીડા, જોઈ દીધા જોશ !
મળ્યા અક્ષરો જન્મના એકમેકના.
પ્રીતનું પાનેતર ઓઢી,
સપ્તપદીના મંગલ સૂત્રે,
વૈશાખી પક્ષ શુકલની દ્વિતીયાએ

તા. ૭-૫-૮૯ ને રવિવારના રોજ
કરી રહી છે પ્રસ્થાન
મંગલ દામ્પત્ય ભણી.
વળાવું છું વહાલસોયી પિન્કીને (પ્રજ્ઞા)
રાજેશ કેરા સાથમાં;
સંસારસાગરના કિનારે
એ અવસરે મહાલવા
સૌને નિમંત્રું છું
પધારશો અવશ્ય
એ જ વિનંતી મારી.

**હસ્તમેળાપ** : સવારે ૧૦-૪૫ કલાકે

**લગ્નસ્થળ** : એન. રાવલ મેરેજ ડોમ, પ્રભુદાસ ઠક્કર કોલેજ રોડ,
રંગસાગર ફ્લેટ્સ પાસે, પાલડી, અમદાવાદ.

**નરેન્દ્ર બી. દવે**
**અ. સૌ. કુસુમ એન. દવે**



સ્નેહીશ્રી,

વેદમાતા ગાયત્રીની કૃપાથી ચિ. પિન્કી (પ્રજ્ઞા)ના શુભ લગ્ન વૈશાખ સુદ બીજ તા. ૭–૫–'૮૯ ને રવિવારના રોજ નિરધાર્યા છે. સૌને પધારવાનું આપને અમારું હાર્દિક નિમંત્રણ છે.

નરેન્દ્ર બી. દવે
અ. સૌ. કુસુમ એન. દવે



ॐ भूर्भुव स्वः ॐ तत्सवितुर्वरेण्यम भर्गो देवस्य धीमहि
धियो यो नः प्रचोदयात ॐ ॥

સમૂહ સ્વરોમાં ગાયત્રી-મન્ત્ર ગૂંજી ઊઠયો. ચોવીસ વાર ગાયત્રી-મન્ત્રના સમૂહ જપ પછી 'વિશ્વંભરી અખિલ વિશ્વ તણી જનેતા'...ની સ્તુતિ અને 'ૐ હ્રીં શ્રીં ક્લીં'...ની આરતી ગવાઈ. 'ગુરુર્બ્રહ્મા ..ને ધ્યાન મૂલ'...ના શ્લોકો ઉચ્ચારાયા. સાથે પેલાં બહેને પણ મન્ત્રજપ ને સ્તુતિ-આરતી કર્યાં.

છૂટાં પડતી વખતે તેમણે ગુરુદેવને કહ્યું : મને કંઈ થાય નહિ તે માટે કશુંક આપો.

ગુરુદેવે કહ્યું : 'મારા તમને આશીર્વાદ છે તમને કશું નહિ થાય. તમે નિશ્ચિંત રહેજો!' કહી તેમણે ગુલાબના એક પુષ્પની પ્રસાદી તેને આપી.

એક સન્તના હાથની પુષ્પની પ્રસાદી લઈ સઘન સધિયારાની અનુભૂતિ કરતાં બહેન વિદાય થયાં.

આ પ્રસંગ બન્યા પછી બીજે-ત્રીજે દિવસે આ પ્રસંગને અનુલક્ષીને કેટલાંક ભાઈ-બહેનોએ ગુરુદેવ સાથે પ્રશ્નોત્તરી કરી-ચર્ચા કરી.

ગુરુદેવ, આ બહેનને શું કોઈ ભૂતપ્રેત વળગ્યું હતું?

શું ભૂતપ્રેતનું અસ્તિત્વ છે?

તે કોઈ જીવન્ત વ્યક્તિના શરીરમાં પ્રવેશીને તેને હેરાન કરી શકે?

ગુરુદેવે કહ્યું, 'જુઓ, આ બહેનની વાત કરું તો, તાવ અને ખોરાક ન લેવાવાને કારણે થોડીક શારીરિક અશક્તિ, માનસિક વલણ ને થોડે અંશે કોઈક અવગતે થયેલા આત્માની અસર...

પરન્તુ હું મારી વાત કરું તો ભૂતપ્રેતને જોવા માટે હું રાતોની રાતો જાગ્યો છું, પણ મેં કદી કશું જોયું નથી.

હું નોકરી કરતો હતો ત્યારનો એક પ્રસંગ તમને કહું.

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. મોડી રાત્રે સાયકલ પર હું ઘેર પાછો ફરી રહ્યો હતો. રાતનો સમય, નિર્જન એકાન્ત. મારી સાયકલ એ ભેંકારતામાં આગળ વધી રહી હતી; ત્યાં મારી સાયકલ આગળ એક મોટો પથ્થર પડયો. થોડેક આગળ ગયો ત્યાં બીજો પથ્થર પડયો. હું સાયકલ પરથી ઊતરી પડયો. ત્યાં એક પગી રહેતો હતો તેને બૂમ મારી મેં બોલાવ્યો.

'કયા સાહબ?' કરતો પગી મારી પાસે આવ્યો. મેં તેને પૂછ્યું : 'ઇતની રાતકો યે પથ્થર કૌન ફેંકતા હૈ?' મારો સવાલ સાંભળતાં જ તે તો થરથર ધ્રૂજવા લાગ્યો. બે હાથ જોડી મને કહેવા લાગ્યો : 'સા'બ! મેરા ઘર તક મુઝે છોડ જાઈયે.' 'પર બાત કયા હૈ?' મેં તેને પૂછ્યું. તે તો વધારે ધ્રૂજવા લાગ્યો. મને કહે : 'સા'બ! યહાં તો ભૂત હૈ...મુઝે ઘર તક છોડ જાઈયે.' હું તેને એની ઓરડી સુધી મૂકી આવ્યો. પણ મેં કશું જોયું નહિ. મારી ટેવ મુજબ, માતાજીના સ્મરણ સાથે મેં સાયકલ મારી-મૂકી!'

વ્યક્તિના મૃત્યુ પછી તેની પોતાની જ કોઈ ઇચ્છા-વાસનાની પરિતૃપ્તિ ન થતાં તેના આત્માની સદ્ગતિ થતી નથી. આમ અવગતે ગયેલો આત્મા કોઈ જીવન્ત વ્યક્તિના શરીરમાં કદી પ્રવેશી શકતો નથી પણ બહાર રહીને વ્યક્તિને પોતાની છાયા હેઠળ, અસર હેઠળ અવશ્ય ઢસડી લાવે છે ને વ્યક્તિને ભયાવહ અનુભવો કરાવે છે. જેને આપણે ભૂતપ્રેતના વળગાડથી ઓળખીએ છીએ.

મારા મન્તવ્ય પ્રમાણે તો નબળા મનોબળવાળી વ્યક્તિને આવો અનુભવ વિશેષ થાય છે. વ્યક્તિ જો સતત પોતાના ઇષ્ટનું સ્મરણ કરતી હોય તો આ જાતની કોઈ જ અસર થઈ શકતી નથી. એટલે જ જ્યાં જઈએ ત્યાં અહોનિશ પ્રત્યેક પળે ઇષ્ટનું સ્મરણ, ગાયત્રી-મંત્રજપનું રટણ ચાલુ રાખીએ તો કોઈ અનિષ્ટ તત્ત્વ વ્યક્તિને કયારેય કનડી શકતું નથી. કોઈની મેલી મુરાદનો પણ ભોગ બની શકાતું નથી; એટલું જ નહિ એવા કોઈ તત્ત્વનો આપણને તરત જ ખ્યાલ આવી જાય છે.

એથી વિશેષ તો વ્યક્તિની સદ્‌ગતિ–અવગતિ માટે તે પોતે જ જવાબદાર ઠરી શકે છે. વ્યક્તિએ નિજી સર્વ આકાંક્ષાઓ, ઇચ્છાઓ, વાસનાઓથી પર બનવાનો પ્રયાસ કરવો જરૂરી છે. જીવનના અન્તકાળે વાસનાનો–ઇચ્છાનો–એષણાનો એક અંશ પણ અસ્તિત્વમાં ન રહે ને અસ્તિત્વ ઇષ્ટના સ્મરણથી–ધ્યાનથી–જપથી પરિપ્લાવિત–સભર બની રહે તો આત્માની સદ્‌ગતિ અવશ્ય થઈ શકે છે. શક્ય છે કે કદાચ મોક્ષ પણ મળી જાય, તેથી જ અન્તકાળે ઇષ્ટનું સ્મરણ, ગીતાના પાઠ, ભાગવત કે પુરાણના પાઠનું મહત્ત્વ સ્વીકારાયું હશે, જેથી જીવ–માયાનાં તમામ પડળોથી મુક્ત બની માયાપતિમાં લીન બની શકે.'

*

શાસ્ત્રીજીના સાન્નિધ્યની પળોને વાગોળતાં બીજો એક પ્રસંગ યાદ આવે છે. તા. ૧૩–૨–૮૯ના રોજ સૂરતમાં ગુરુદેવની વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. ગુરુદેવના રૂમની બહાર બારણા પાસે આઠ–દસ જણા લાઈનમાં ગુરુદેવની મુલાકાતની પ્રતીક્ષા કરતાં ઊભાં હતાં. એમાં એક બહેન તેમની દીકરીને પકડીને ઊભાં હતાં. બહેનની એ દીકરી સામે જોતાં જ જણાઈ આવતું હતું કે તે લાંબી માંદગીમાંથી ઊઠીને આવી છે એવું તેનું માંદલું–નૂર વિનાનું મોં, શરીરમાં અશક્તિ વર્તાતી હતી.

તેઓ આમ તો ગુરુદેવ પાસે ઘણા સમયથી આવે છે. પણ આજ તેઓ તેમની દીકરી માટે જીવનજળ લેવાં આવ્યાં હતાં. તેમનો વારો આવતાં બહેન તેને પકડીને ગુરુદેવ પાસે લઈ ગયા. ગુરુદેવને વિગત જણાવી. ગુરુદેવે જળ અભિમંત્રિત કરી આપ્યું. બહેને બે હાથ જોડી ગુરુદેવને કહ્યું, 'હવે તો આપ આશીર્વાદ આપો કે આને મટી જાય. અમે હવે થાકી ગયાં છીએ.' ગુરુદેવે તેમના તરફ પ્રેમ–કરુણાર્દ્ર એક દૃષ્ટિપાત કરી આશિષની મુદ્રામાં હાથ ઊંચો કર્યો.

અડધો એક કલાક ગયો ને તેઓ ફરી લાઈનમાં આવ્યાં. ગુરુદેવ પાસે જઈ તેમણે જણાવ્યું : મને હવે સારું લાગે છે. મને ઘણી શાંતિ વળી છે. આપ મને સંભાળજો.

ગુરુદેવે પોતાની હંમેશની ટેવ મુજબ મધુર સ્મિત વેર્યું.

શાસ્ત્રીજીનું સ્મિત જ એવું હોય છે કે દુઃખીઓના દિલને પળભરમાં શાંત કરી દે છે, વેદનાને વિદારી નાખે છે, નિરાશામાં આશાનો સંચાર કરે છે, પથ ભૂલેલાને પથપ્રદર્શન કરે છે.

સન્તો ખૂબ દયાળુ હોય છે, કરુણાનો સ્રોત તેમના અસ્તિત્વમાંથી સદાય માટે ઝર્યા કરતો હોય છે, તેઓ અલૌકિક વાત્સલ્યના મૂર્તિ હોય છે, પળેપળના પાત્ર, પદાર્થ ને પરિસ્થિતિનો તાગ તેઓ પામી લેતા હોય છે ને તદનુસાર તેઓ કાર્ય કરે છે.

□


મા ગાયત્રીની કૃપા

શ્રી ગણેશ ટ્રેડર્સ

'ભગવતી'

★

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫

# પ્રજ્ઞા - રાજેશ પરિણયે

ગાઈ 'ગં' બીજને ઘણું, ઋષિ ગણો માણી ગયા મંગળ
શિવાસુત થકી થયા સકળના, છએ રિપુ નિર્બળ
મૂળાધાર રહી સદા સ્થિર તમે, સંભાળી લો ભૂતળ
'તેવા હે ગણના પતિ! વરદ! થી યાચી રહું મંગળ ॥ ૧ ॥

કેવા પૂર્ણ, રખા ત્રણે ભુવનના, સાચા સુદામા સખા
નામી શિશ છતાં કરે ચરણને, સાંદીપનિને વળાં–
તેવા છે ગુરુદેવ, શાસ્ત્રી(જી)! વિનવું, દેજો તમારાં રખાં'
વરસો મેહુ! કૃપા તણા, યુગલનું યાચી રહું મંગળ ॥ ૨ ॥

'અક્ષર ચોવિસ્વાસમાં, રમી રહ્યા રમાપતિય ઘણા
ગાઈને ગણતા ગુણો ગગનના, ગાયત્રી–ગીતા તણા
કું–કું બાળ લખી તને કરગરે– 'મા પૂરજો ને મણા'
માતા છો વરદાયિની, યુગલનું યાચી રહું મંગળ. ॥ ૩ ॥

પૂજાલાલ પ્રમાણ છે, વડ સમા આશિષ દે કુળને
દામોદર–ઉર્ભાવ ભાળે ભર્તી આજે રહી દૂર ને
બાપુલાલ પિતામહ દઈ રહ્યા આશિષ આકાશથી.
'લેજો ભાળ, મા! બાળની'–યુગલનું યાચી રહે મંગળ. ॥ ૪ ॥

જાણ્યો છે જ અસાર તોય ઉદધિ શાને ઉરે ઉછળે!
કૂણાભાવ પિતા – નરેન્દ્ર મનથી મન્થર ગતિ નીતરે!
કૂણી પાંદડીઓ 'કુસુમ'–ઉરથી આશિષ શીળી ધરે!
ઊંડાં–અંતર્મુખ બહેનજી બને; યાચી રહે મંગળ. ॥ ૫ ॥

'પિન્કુ' છે પ્રભુતા પ્રતિ પગરણો, સંસારની સાધના
મીઠા ભાવ ભરી વિદાય મથતાં, યોગેશ ને ભાવના,
મિતા–વિજય સાથ આમ વદતાં, કંદર્પ દેવાંગના,
વળાવી દીકરી દીઠાં, પરસનબા,–યાચી રહે મંગળ. ॥ ૬ ॥

ઊછળી ઊર્મિ ઉપેન્દ્ર ઉર અદકી, રાજેષ–પ્રજ્ઞા પ્રતિ,
મ્હેંકી ચંદનની સુવાસ સઘળે, સૌભાગ્ય દેતી સતિ
ભાવેભાવ ભળી રહ્યા ઉભયના – ભદ્રેશ ને ભાવના
રીન્કુ આ રસમંડપે રહી રહી, યાચી રહી મંગળ ॥ ૭ ॥

સેવા સૂત્ર વીંટાળી બ્હેન! સુપળે પાનેતરે રાખજે
નિભાવે દૂધ–સર્કરા પ્રતિપળે તે ભાવ નિભાવજે
શ્રદ્ધા ને શરણાગતિ હૃદયમાં, મા ત્રિપદા રાખજે
સુતા સુજ્ઞ! કશુંય ના વધુ તને, યાચું સદા મંગળ. ॥ ૮ ॥

— સતીશ ભટ્ટ




**M. N. CHAMPANERIA**
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)



# JANAK ENTERPRISE
1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008

# ઈશ્વરકૃપાની અનુભૂતિ ક્યારે?

શાસ્ત્રીજી

સંસ્કૃતમાં એક ઉક્તિ છે : બલિયસી કેવલમીશ્વરેચ્છા-ઈશ્વરેચ્છા જ બળવાન છે.

ઈશ્વરની ઇચ્છા વિના પાંદડું પણ હાલતું નથી એ વાત આપણે સૌ જાણીએ છીએ.

'ખુદા દેતા હૈ તો છપ્પર ફાડકે દેતા હૈ' – એવી કહેવત પ્રચલિત છે. અર્થાત્ ઈશ્વર આપે છે ત્યારે છાપરું ફાડીને આપે છે.

આમ ઈશ્વરની ઇચ્છાનું મહત્ત્વ સ્વીકારાયું છે. જ્યારે ઈશ્વરની ઇચ્છા થાય છે ત્યારે જ કાર્ય સફળ થાય છે. ઈશ્વરની આ ઇચ્છા તે જ એની કૃપા.

ઈશ્વરની કૃપા મનુષ્ય માટે અનિવાર્ય અને આવશ્યક છે.

પણ પ્રશ્ન તો એ ઉદ્ભવે છે કે ઈશ્વરની કૃપા પ્રાપ્ત કેવી રીતે કરવી?

આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં આપણે સ્વાભાવિકપણે જ કહીશું કે પ્રયત્નથી તે મેળવી શકાય. પણ આપણે કયો પ્રયત્ન કરીએ? એ પ્રયત્નમાં આપણે એમ કહીશું કે આપણે પવિત્ર થવું જોઈએ. ઈશ્વરની કૃપા મેળવવા તેની ઉપાસના–સેવા કરવી જોઈએ. કેવી રીતે પવિત્ર થઈએ? પવિત્ર બનવા આપણે ઘણું મથીએ છીએ પણ પવિત્ર બની શક્યા છીએ કે નહિ તે આપણે જાણી શકતા નથી. કારણ પવિત્રતાનું આપણી પાસે કોઈ માપદંડ નથી. આપણા મનને પવિત્ર રાખવાના કે બનાવવાના સંકલ્પની સાથે જ કેટલાક દુર્વિચારો અને દુષ્ટ ઇચ્છાઓ અજાણતાં જ આપણા મન પર સવાર થઈ જાય છે. એ વિચારો, ઇચ્છાઓ દૂર કરવાના પ્રયત્ન છતાં આપણે તેમ કરી શકતાં નથી.

આ બધાની વચ્ચે સત્ય હકીકત તો એ છે કે પ્રભુની કૃપા આપણા પર ઊતરે છે ત્યારે જ આપણે તેની ઉપાસના–ભક્તિ–સેવા કરી શકીએ છીએ. ઈશ્વરની કૃપા ઊતરે છે ત્યારે જ ઈશ્વરમાં રસ, રુચિ પેદા થાય છે. ઈશ્વરમાં શ્રદ્ધા જાગે છે, શરણાગતિ આવે છે. આપણે ઉપાસના કરવા પ્રવૃત્ત બનીએ છીએ. જીવનમાં સાત્ત્વિક ને પવિત્ર અભિગમ સ્વીકારવાની ઇચ્છા જાગે છે. એટલું જ નહિ તેવી તમામ પ્રકારની અનુકૂળતાઓ પણ આવી મળે છે. આ બધું ઈશ્વરની કૃપાનું જ પરિણામ છે.

આટલા વિશાળ જગતમાં કેટલાક લોકો જ ઈશ્વરના અસ્તિત્વનો સમ્પૂર્ણપણે સ્વીકાર કરે છે. પરમતત્ત્વનો તેઓને પરિચય છે. ઈશ્વરની શક્તિમાં તેઓ નિતાન્ત વિશ્વાસ ધરાવે છે તેનું કારણ? કારણ ઈશ્વરની કૃપા છે.

અન્યથા કેટલાક લોકો ઈશ્વરનું અસ્તિત્વ છે કે નહિ તેની ગડમથલમાં જ રચ્યાપચ્યા રહે છે. કેટલાક વિદ્વાનો 'નેતિ નેતિ'–આ નથી, આ નથી–ના વિતંડાવાદમાં સરી પડે છે ને કોઈ ચોક્કસ

નિષ્કર્ષ પર આવતા નથી. તો કેટલાક લોકો ઈશ્વરની શક્તિથી સમ્પૂર્ણપણે સમ્પ્રજ્ઞાત હોવા છતાં તેની શક્તિથી ચિરપરિચિત હોવા છતાં, તેનામાં સમ્પૂર્ણ શ્રદ્ધા ને વિશ્વાસ મૂકી શકતા નથી, શરણાગતિ સ્વીકારી શકતા નથી કે પછી તેને આશ્રયે નિશ્ચિંત થઈ શકતા નથી કારણ તેટલે અંશે તેઓ ઈશ્વરની કૃપા સંપાદન કરી શક્યા નથી.

ઈશ્વરની કૃપાના સંપાદન માટે પૂર્વનાં સંચિત કર્મો–પુણ્યો પણ જવાબદાર ઠરે છે. ઉપર જણાવી તે હકીકતો અનુસાર–પરિસ્થિતિ અનુસાર–તેઓનાં કર્મો ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવા માટે પાકયાં નથી. તો બીજી બાજુ પાપાચારી–દુરાચારી–ખૂનીઓ–અનીતિને માર્ગે ધકેલાઈ ગયેલા લોકોને એકાદ નજીવું કારણ મળે ને તેઓના સમસ્ત જીવનનું પરિવર્તન થઈ જાય છે. તેઓ સદાચારી બની જાય છે. એ ઈશ્વરની કૃપાનું જ પરિણામ છે. આવા સંજોગોમાં ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવા સદ્ભાગી બનેલ નિર્મળ ભક્તો દ્વારા જ વ્યક્તિ ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરી શકે છે, કારણ કે જેણે ઈશ્વરની કૃપાના અનુભવો કર્યા છે, સ્વાદ ચાખ્યો છે તેવા ભક્તો આવા પાપાચારી–દુરાચારીને ઈશ્વરકૃપાના બે શબ્દો કહે છે ને તેમનો આત્મા જાગ્રત થઈ ઊઠે છે.

મારી મુલાકાત દરમ્યાન એવા ઘણા લોકો આવે છે, જેઓ કોઈ અગોચર પ્રેરણાથી જ તેમનાં પાપોનો–દુષ્કૃત્યોનો સ્વયં સામેથી એકરાર કરે છે, મારી આગળ તેમનાં પાપોનો પસ્તાવો આંખમાંથી અશ્રુઓની ધાર વાટે વહી જાય છે. હું તેમ થવા દઉં છું અને પછી પ્રતિજ્ઞા કરાવું છું કે "હવે કદી એવાં પાપો નહિ કરું."

હમણાં જ એક યુગલ થોડાક દિવસો પહેલાં બપોરના મુહૂર્તમાં લગ્ન કરી સાંજે કૂટિરમાં મને મળવા આવ્યા. હકીકત એવી હતી કે, બહેન તો છેલ્લાં દસેક વર્ષથી મારી મુલાકાતે આવતાં હતાં. બન્ને જણા ઉત્તરપ્રદેશનાં વતની ને એક જ જ્ઞાતિનાં હતાં. પણ ભાઈએ જીવનમાં ઘણી અનીતિઓ આચરેલી. તેના ગામમાં તેની આણ–ધાક પ્રવર્તતી હતી. સૌ તેનાથી ડરતા હતા. આ બહેન સાથે પરિચય થતાં બહેન તેમને મારી પાસે લઈ આવ્યાં. ભાઈએ સ્વયં સામે ચાલી તેમણે કરેલાં અનીતિમય આચરણોનો એકરાર કર્યો. આંખોમાંથી આંસુની ધાર વહેવા લાગી. મેં તેમને પ્રતિજ્ઞા લેવડાવી કે હવે કદી અનીતિ ન કરવી ને પછી તેમના સમસ્ત જીવનનું પરિવર્તન થઈ ગયું!

આમ પૂર્વનાં પુણ્યોનો ઉદય થાય છે ત્યારે ઈશ્વરની કૃપા આપોઆપ ઊતરી આવે છે ને વ્યક્તિના સમસ્ત જીવનને સુખ, શાંતિ ને સમૃદ્ધિથી છલકાવી દે છે.

કૃપાની ગતિ ઘણી ગહન છે. તેને માટે મથ્યા કરવા છતાં તે મળતી નથી. તો વળી પ્રયત્ન કર્યા વિના પણ ક્યારેક તે મળી જાય છે. કૃપા કઈ રીતે કામ કરે છે તે જાણવું સહેલું નથી. તેનો તાગ પામી શકાય તેમ નથી. ઘણીવાર એવું બને છે કે જેમાં દેખીતી રીતે અધૂરપ હોય તેવા માણસો પર કૃપા વરસે છે અને કૃપાને યોગ્ય માણસો રાહ જોતા બેસી રહે છે.

જ્યારે પરમતત્ત્વની કૃપા ઊતરે છે ત્યારે આપણને તે અકલ્પ્ય લાગે છે. આપણને થાય છે કે સાચે જ આપણે આવી કૃપાને પાત્ર નથી. ઈશ્વરે મારા પર ઘણી કૃપા કરી છે. પરમતત્ત્વની કૃપા આપણા પર વરસીને આપણને તે મહાન આશ્ચર્ય ને વિસ્મયમાં મૂકી દે છે. કારણ પ્રભુની કૃપા પાર વિનાની હોય છે.

પ્રભુની કૃપા વડે જ તેની કૃપાની અનુભૂતિ થઈ શકે છે. તેની કૃપાથી જ તેનું સ્મરણ કરી

શકીએ છીએ. તેની કૃપાથી જ મન-ચિત્ત નિર્મળ બની શકે છે, પ્રભુનાં આપણે દર્શન કરી શકીએ છીએ; તેની હાજરી અનુભવી શકીએ છીએ.

વ્યક્તિને જ્યારે સદંતર નિરાધારતા, નિઃસહાયતાની તીવ્ર લાગણી થાય ત્યારે જ તે ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવા અધિકારી બની શકે છે.

આપણે ઈશ્વરની કૃપા મેળવવા તેની ઉપાસના કરીએ છીએ, પણ માત્ર ઉપાસનાથી ઈશ્વર મેળવી શકાતા નથી. ઇષ્ટની ઉપાસનાથી તો પ્રતીતિ મળે છે કે, ઈશ્વરની કૃપા વિના ઈશ્વરને પામી શકાય તેમ નથી.

ઈશ્વરની કૃપાપ્રાપ્તિ માટે અહંકારને ઓગાળવાની જરૂર છે. અહંકાર ઓગળતાં જ સમ્પૂર્ણ શરણાગતિનો આવિષ્કાર થાય છે. પરમાત્માની ઇચ્છાને – કૃપાને સમજવા માટે પણ તેની કૃપાની આવશ્યકતા રહે છે.

અન્તે, માનવી જ્યારે પોતાના તમામ ભૌતિક પ્રયત્નોથી થાકે, હારે અથવા પોતીકા પ્રયત્નોને નેવે મૂકે ને પરમાત્માની સહાયની – સહકારની – સાથની યાચના કરે ત્યારે જ તે ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવાને અધિકારી બની શકે છે. અસમર્થ બનીને જ સમર્થની કૃપા પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય સાંપડી શકે છે; તે અવશ્ય સ્મરણમાં રાખવું જોઈએ.

□

પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

**આરતી ટ્રેડર્સ**

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫

શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના

**— : શ્રી અંબિકા સોપ ફેક્ટરી અને ટી ડેપો : —**

**— : શ્રી અંબિકા કેમીકલ ઇન્ડસ્ટ્રીઝ : —**

**— : શ્રી જય અંબે સોપ એન્ડ ટી સેન્ટર (રીટેઈલ વિભાગ) : —**

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત–૩

ટેલિફોન નંબર : ૨૩૯૪૮, ૩૮૬૪૧

" ડીટરજન્ટ સાબુ તથા વોશીંગ પાવડરના ઉત્પાદક "

# ધનપ્રાપ્તિનો સંકેત

૧૯૭૫ના માર્ચ મહિનાની વીસમી તારીખ હતી. રાબેતા મુજબ હું મારી પૂજામાં વ્યસ્ત હતો ત્યારે મને લાગ્યુ કે કાનમાં કોઈક મને કશુંક કહી રહ્યું છે. મેં ધ્યાન દઈને સાંભળવાનો પ્રયત્ન કર્યો. કોઈક અગોચર અવાજ મારા કાનમાં જાણે કે કહી રહ્યો હતો કે અમુક ભાઈને ત્યાં તેઓના ઘરના બીજા નંબરના ઓરડાની અંદરના એક ખૂણામાં મજુ આવેલી છે, તેની નીચે ધન છે. મને માત્ર આટલી જ માહિતી મળી. આ ભાઈને હું ઓળખતો હતો. તેઓ ધંધાર્થે વર્ષોથી પોતાના વતનથી દૂર રહેતા હતા. જેથી મેં મારી નૈતિક ફરજ સમજી તેઓને ખબર આપી કે આપના વતનમાં આવેલા ઘરની અંદરના બીજા ઓરડામાં મજુ છે, તેની નીચે ધન છે માટે આપ ત્યાં તપાસ કરો. મને આ ઘર વિશે બહુ માહિતી ન હતી. પરન્તુ ગાયત્રી માતાજીની સૂચના મુજબ મેં તેઓને જણાવ્યું.

ત્યાર બાદ તે ભાઈ મને રૂબરૂ મળવા આવ્યા. તેઓએ મને ત્યાં લઈ જવા માટે ખૂબ આગ્રહ કર્યો પરન્તુ મેં સાથે જવાની સમ્મતિ આપી નહીં. મેં એટલું જ કહ્યું કે ગાયત્રી માતાએ કહ્યું છે એટલે આપ શુભ મુહૂર્ત જોઈ ખોદકામ કરાવજો.

દિવસો વીતતા ગયા ને હું આ વાત વિસરી ગયો. પેલા ભાઈનો પણ કોઈ પત્ર આવ્યો નહિ કે તેઓએ શું કર્યું?

તા. ૨૧-૭-૭૫ના રોજ હું પૂજામાં હતો ત્યાં ફરીથી ગાયત્રી માતાએ કહ્યું કે જે ભાઈને છૂપા ધન વિશે વાત કરી હતી તે ભાઈને મનમાં સંદેહ જાગ્યો છે. તેઓ તા. ૨૩-૭-૭૫ સુધીમાં ત્યાં ખોદકામ કરવા જશે નહિ અને તપાસ નહિ કરે તો તે મુદત વીત્યા બાદ તેઓને કંઈ પણ મળવું મુશ્કેલ છે. આ વાત જાણ્યા બાદ મારી પાસે તેઓને ખબર આપવાનો અને જણાવવાનો સમય ન હતો. મેં વિચાર કર્યો કે ગમે તે માણસ હોય પરન્તુ આટલા લાંબા સમય સુધી બેસી રહે નહિ.

મારા આશ્ચર્ય વચ્ચે ૭-૮-૭૫ના રોજ તે ભાઈનો પત્ર આવ્યો. તેમાં તેમણે જે માહિતી લખી હતી તે આ પ્રમાણે હતી :

મારા જણાવ્યા પછી તેમણે કોઈક અન્ય પંડિતજીનો સમ્પર્ક સાધ્યો. ત્યાં જવાનું મુહૂર્ત કાઢ્યું અને તે પંડિતજીના જણાવ્યા મુજબ તેઓ ત્યાં ગયા અને તે ઓરડાની અંદરના મજુવાળા ખૂણામાંથી માટીનું એક કોડિયું બને તેટલી માટી લીધી. ગાયત્રીની ૧૧ માળા કરી. દીવો કર્યો અને પૂજન કર્યું. તેમણે ત્યાં ખોદકામ કર્યું નહિ. જે માટી લીધી હતી તેનું કોડિયું બનાવી તેમાં રોજ તેઓ ઘીનો દીવો કરવા લાગ્યા. પેલા પંડિતજીએ નવરાત્રી બાદ ખોદકામ કરવાનું જણાવ્યું હતું. અને હવે આગળ શું કરવું તે અંગે મને પૂછવામાં આવ્યું હતું. આ સવાલનો મારો એક જ જવાબ હતો કે જ્યારે ગાયત્રી માતાએ સાક્ષાત્ જણાવેલ કે ધન છે પછી એ વાત પર સંદેહ રાખી બીજા પંડિતજીને પૂછવાની શી જરૂર હતી? જરૂર તો હતી શુભ મુહૂર્ત જોઈને ત્યાં ખોદકામ કરવાની. આ તો 'લક્ષ્મી ચાંલ્લો કરવા આવી ત્યારે મોઢું ધોવા ગયા' જેવી વાત થઈ.

તેઓ તા. ૨૩-૭-૭૫ પહેલાં ત્યાં અવશ્ય ગયા તો હતા પરન્તુ ત્યાંથી માટી લઈને જ આવ્યા અને ખોદકામ ન કર્યું.

મારું માનવું છે કે ઈશ્વરી બાબતોમાં જરા પણ સંદેહ ઊભો થાય ત્યારે આવી પરિસ્થિતિ સર્જાય છે.

જેમ મહાભારતમાં દુર્યોધનનું આખું શરીર વજ્ર જેવું બનાવવા માટે ગાંધારી માતાએ દુર્યોધનને રાતના સમયે નગ્ન અવસ્થામાં પોતાની સામે આવવાનું જણાવ્યું હતું, જેથી ગાંધારી માતાની નજર દુર્યોધનના આખા શરીર ઉપર પડે ને દુર્યોધનનું શરીર વજ્ર જેવું બની જાય, આથી યુદ્ધમાં તેના શરીરે કોઈ પણ ઈજા ન થાય. પરન્તુ શ્રીકૃષ્ણ ભગવાન માળીનું રૂપ ધારણ કરે છે અને દુર્યોધનને ફૂલોની બનાવેલી ચડ્ડી પહેરાવે છે. દુર્યોધન તે ધારણ કરે છે, જેથી દુર્યોધનના સાથળનો ભાગ વજ્ર જેવો બનતો નથી. યુદ્ધમાં ભીમ દુર્યોધનની સાથળ ઉપર પ્રહાર કરે છે ને હણે છે.


અહીં ધનપ્રાપ્તિના સંકેતની અવહેલના કરીને આ ભાઈ અન્ય પંડિતજીનું માર્ગદર્શન લેવા ગયા નેં પ્રાપ્ત થનાર ધનથી વંચિત રહ્યા.

વ્યક્તિને પોતાનાં પૂર્વનાં પુણ્યકર્મોના બળે આમ સાક્ષાત્ ઈશ્વરની સહાય આવી મળે છે. એને પામવાને બદલે માનવી પોતીકી કહેવાતી બુદ્ધિના જોરે પ્રયત્નો આદરે છે ને પ્રાપ્ત થનાર લાભ ગુમાવે છે.

શ્રદ્ધા ને શરણાગતિને ધારણ કર્યા પછી પણ પરમતત્ત્વના સંકેતની લિપિને પિછાનવાની બુદ્ધિ પ્રાપ્ત થાય ને તદનુસાર કાર્ય કરવા તરફ વળીએ તે વિશેષ ઉચિત છે, આવકાર્ય છે. ઉપાસનાનું ફળ પ્રાપ્ત કરવાનો આ જ એક ઉપાય હોય તેમ જણાય છે. કારણ પરમતત્ત્વની ઉપાસના દ્વારા માનવીને-ઉપાસકને આવા અવનવા સંકેતો અવશ્ય મળી રહે છે, જે તેને જીવનમાં 'કંઈક'ની પ્રાપ્તિ જરૂર કરાવે છે.

☐


મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહે એવી નમ્ર વિનંતી સહ
**જમનાદાસ નાગરદાસ મોદી**
જનરલ મરચન્ટ
**'ભગવતી'**
ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫ (ડિ. વલસાડ)



# આત્મહત્યા એ કાયરતા છે

જીવનમાં ઉદ્દભવતી પ્રત્યેક પરિસ્થિતિ વ્યક્તિના પૂર્વના કર્મના ફળનું પરિણામ બનીને આવે છે. એ ફળ ભોગવવાનો સમય પૂરો થતાં જ વિષમ પરિસ્થિતિ સરળ બની જાય છે. આ માત્ર થોડાક સમયનો જ સવાલ છે. જેમ અચાનક વાવાઝોડું ફૂંકાય અને પ્રકૃતિમાં કેટલોક વિનાશ થાય તેમ જીવનમાં પણ આપત્તિઓની આંધી અચાનક ફૂંકાય છે. કેટલોક વિનાશ વેરીને તે આંધી વિદાય થઈ જાય છે ને શાંતિ પથરાઈ જાય છે. એ શાંતિમાં દુઃખના–વેદનાનાં ડૂસકાં અવશ્ય હોય છે.

પરમતત્ત્વની શરણાગતિ, તેનામાંની શ્રદ્ધા ને અટલ વિશ્વાસપૂર્વકની ઇષ્ટની ઉપાસના દ્વારા મનુષ્ય-જીવનમાં આવેલી આંધીએ વેરેલા વિનાશથી જે વિષમતાઓ ઉદ્દભવતી હોય છે, જે નુકસાન થયું હોય છે, જે ખોટ ગઈ હોય છે તે ભરપાઈ થાય છે. અર્થાત્ જીવનમાં આંધીએ વેરેલા વિનાશમાં ઈશ્વર પોતાના શરણાગત પર કૃપાવર્ષા કરી સભરતા લાવી દે છે.

આવો જ એક પ્રસંગ અત્રે પ્રસ્તુત કર્યો છે. ભાવનગરના એક ભાઈએ. પોતાની આપવીતી વર્ણવતાં જણાવ્યું હતું કે,

આ વાત છે મારી પોતાની. ૧૯૮૧ થી ૧૯૮૫ સુધીના પાંચ વર્ષની. મારી જિંદગીમાં આધિ, વ્યાધિ, ઉપાધિ છવાઈ ગઈ હતી. મારો પોતાનો ધંધો છે રેડીમેઈડ તેમ જ ટેઈલરનો. '૮૧ ની સાલમાં એકાએક ધંધો ઘટવા લાગ્યો. '૮૨ની સાલમાં પડી ભાંગ્યો. તે જ સાલમાં વેપારી તેમ જ બેન્કનું ખૂબ જ મોટી રકમનું લેણું થઈ જતાં વેપાર બંધ કરી દેવાની ફરજ પડી. ટેઈલરનું કામ માંડ માંડ ચાલતું હતું. તેનાથી ઘરનો ખર્ચ નીકળી શકે તેવી કોઈ સ્થિતિ ન હતી. '૮૩ ની સાલમાં તો જાણે મારા જીવનમાં ધરતીકંપ સર્જાઈ ગયો. ભૂખ્યા રહેવાના દિવસો આવી ગયા હતા. તેવામાં બેન્કની નોટિસ આવી કે તમારું લેણું ભરપાઈ કરી આપો, જે તેમની છેલ્લી નોટિસ હતી. અગાઉ '૮૨ની સાલમાં મેં મારી પત્નીના દાગીના પણ બેન્કમાં મૂકીને વેપારીઓને થોડી રકમ ચૂકવી હતી. તેમની પણ નોટિસ આવી કે તમો બાકી રહેતી રકમ ભરપાઈ કરી આપો, નહિતર તમારા દાગીના લિલામ કરી નાખવામાં આવશે. મારી દરેક વાત ગુરુજીને કરતો હતો.

ગુરુજી મને કહેતા કે મારા બનતા પ્રયત્ન કરીશ. સારું થઈ જશે. ચિંતા કરશો નહિ. માતાજી ઉપર શ્રદ્ધા રાખો. ત્રણ માળાનો ક્રમ જીવનના દૈનિક કાર્યક્રમમાં વણી લો. મા–બાળકનો સંબંધ કેળવો. આપણી શું જરૂરિયાત છે તેની આપણા કરતાં માને વધુ કાળજી અને ખ્યાલ હોય છે. આ સ્થિતિમાં હું હારી–થાકી ગયો. મને નબળા વિચારો આવવા લાગ્યા, કે આનાથી મુક્તિ મેળવવી હોય તો આપઘાત કરી નાખું. પણ વિચાર આવ્યો કે મારા ગયા પછી બે માસૂમ બાળકો (અનુક્રમે ચાર ને છ વર્ષ) તેમ જ મારી પત્નીનું શું? પછી વિચાર કર્યો કે ચારે ય જણાએ સામુહિક જીવન ટુંકાવી નાખવું.

તેમ કરતાં પહેલાં હું મારા એક મિત્રને મળ્યો ને ટૂંકમાં મારી હકીકત કહી. મને તેણે યોગ્ય મદદ કરી. મારી તકલીફમાં થોડી રાહત થઈ.

'૮૪ની સાલમાં મેં ગુરુજીને કહ્યું કે મારે જીવવું નથી. જિંદગી ઘણી લાંબી લાગે છે. ગુરુજીએ મને જીવનજળ આપ્યું અને કહ્યું કે કશી જ ચિંતા કરતા નહિ. કાંઈ નહિ થાય. માતાજી ઉપર શ્રદ્ધા રાખો. મને ગુરુજીની વાતમાં વિશ્વાસ હતો. હું ભાવનગર પાછો ફર્યો. મને નબળા વિચારો આવતા બંધ થઈ ગયા. તકલીફોને મેં પચાવી નાખી. મને થયું કે મારું જીવન જ આ રીતનું છે.

'૮૫ ની સાલ મેં આ રીતે જ પસાર કરી નાખી. તકલીફ હોવા છતાં તકલીફ જેવું નહોતું લાગતું. આ રીતે જીવનજળથી ચાર જણાની જિંદગી માની કૃપા અને ગુરુજીના આશીર્વાદથી જ બચી છે.

૧૯૮૬માં આસો માસની શરૂઆત. દીવાળીના દિવસો નજીક આવી રહ્યા હતા. ગુરુદેવની પ્રેરણાથી જ મારા મનમાં વિચાર આવ્યો કે રેડીમેઈડનો ધંધો ફરી શરૂ કરું. મેં તરત તેનો અમલ કર્યો. દીવાળીનો વેપાર ધારવા કરતાં સારો ગયો. મેં ધંધો ચાલુ જ રાખ્યો.

'૮૬ થી '૮૮ના ત્રણ વર્ષમાં ઘણી પ્રગતિ કરી. વેપારી, મિત્રો, કુટુંબીજનોનું આશરે રૂ. ૪૦,૦૦૦ જેટલું લેણું હતું, તેમાંથી ગુરુ-આશિષથી હું મુક્ત થયો છું.'

જીવનમાં જ્યારે આ ને આવા ઝંઝાવાતો ફૂંકાય છે ત્યારે સૌ પ્રથમ તો માનવી માનસિક રીતે જ પડી ભાંગે છે. સ્વાભાવિક રીતે જ તે હતાશ બની જાય છે અને આત્મહત્યાના વિચારો તેના પર સવાર થઈ ઊઠે છે, પરન્તુ જીવનની કોઈ પણ મુશ્કેલીથી ડરી જઈને, હારી જઈને આત્મહત્યા કરવી એ તો નરી કાયરતા છે, ભાગેડુ વૃત્તિ છે. જીવનમાં આવેલી મુસીબતોનો સ્વીકાર કરી, પરમતત્ત્વની-ઇષ્ટની સત્તાનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરી તેના શરણે જે પોતાનું બધું સોંપી દે છે તેને ધીમે ધીમે ઉકેલ પ્રાપ્ત થતો જ જાય છે. મુસીબતો હોવા છતાં મુસીબતોનો તેને અનુભવ નથી થતો. ધીમેધીમે પરમતત્ત્વની પ્રેરણા ને શક્તિથી માનવીને તેના વ્યવહારજગતમાંથી જ મદદ મળી રહે છે. જ્યારે માનવીની કોઈ પણ આપત્તિમાં ગમે ત્યાંથી મદદ આવી મળે કે ઉકેલ પ્રાપ્ત થઈ જાય ત્યારે જાણવું કે પરમાત્માની જ ઇચ્છા ને શક્તિ કાર્ય કરી રહ્યાં છે. આથી જ તેની શરણાગતિ ને સ્મરણમાંથી જરા પણ ચલિત ન થવામાં જ ડહાપણ છે. પરમતત્ત્વનાં-માતાજીનાં શરણાગતિ ને સ્મરણને બને તેટલાં આત્મસાત્ કરવાનો આપણે સૌ પ્રયત્ન કરીએ એ જ જીવન જીવવાનો, મુસીબતોમાંથી પાર ઊતરવાનો રામબાણ ઉપાય છે.

□

# પૂજ્ય ગુરુદેવનો અમેરિકાનો કાર્યયજ્ઞ

[ તા. ૧૩-૫-'૮૯ થી તા. ૧૧-૬-'૮૯ ]

| તારીખ | વાર | સમય | કાર્યક્રમનું સ્થળ | આયોજકો | ટેલિફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૧૩-૫-૮૯ | શનિવાર | સાંજે | અમદાવાદથી મુંબઈ | — | — |
| ૧૪-૫-૮૯ | રવિવાર | સાંજે | મુંબઈથી લંડન | — | — |
| ૧૫-૫-૮૯ | સોમવાર | સાંજે | લંડનથી ન્યુયોર્ક | — | — |
| ૧૬-૫-૮૯ | મંગળવાર | ૪-૮ | ફ્લશીંગ, ન્યુયોર્ક | શાન્તુભાઈ નાયક | ૭૧૮-૯૬૧-૨૩૫૧ |
| ૧૭-૫-૮૯ | બુધવાર | ૫-૭ | ઓઝોનપાર્ક, ,, | દિનેશભાઈ કાયસ્થ | ૭૧૮-૮૪૩-૧૪૩૬ |
| ૧૮-૫-૮૯ | ગુરુવાર | ૧-૩ | શારલોટ, નોર્થકેરોલિના | કિરીટભાઈ પટેલ | ૭૦૪-૫૨૩-૯૩૯૪ |
| ,, | ,, | ૬-૮ | ,, ,, | હિન્દુ સેન્ટર | ૭૦૪-૫૩૫-૩૪૪૦ |
| ૧૯-૫-૮૯ | શુક્રવાર | ૪-૮ | ઈલ્કગ્રોવ વિલેજ, ઈલીનોઈઝ | કાન્તિભાઈ પટેલ | ૩૧૨-૯૮૦-૦૮૬૪ |
| ૨૦-૫-૮૯ | શનિવાર | ૧૨-૩ | માઉન્ટ પ્રોસ્પેક્ટ, ઈલીનોઈઝ, શિકાગો | મહેશભાઈ પટેલ | ૩૧૨-૯૫૬-૭૨૪૭ |
| ,, | ,, | ૪-૮ | ઈલ્કગ્રોવ વિલેજ, ઈલી. ,, | કાન્તિભાઈ પટેલ | ૩૧૨-૯૮૦-૦૮૬૪ |
| ૨૧-૫-૮૯ | રવિવાર | ૩-૮ | ટોરન્ટો, કેનેડા | ધનસુખભાઈ ખત્રી | ૪૧૬-૭૪૯-૧૩૪૩ |
| ૨૨-૫-૮૯ | સોમવાર | ૫-૮ | મીસીસાગા, કેનેડા | કલ્યાણજીભાઈ મિસ્ત્રી | ૪૧૬-૬૨૫-૬૭૮૭ |
| ૨૩-૫-૮૯ | મંગળવાર | ૫-૮ | મારખામ યુનીયન વીલે, કેનેડા | જયંતભાઈ ગાંધી | ૪૧૬-૯૪૦-૦૦૩૮ |
| ૨૪-૫-૮૯ | બુધવાર | ૫-૭ | યુનીયન સીટી, ન્યુજર્સી | રતિભાઈ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૨૫-૫-૮૯ | ગુરુવાર | ૫-૭ | લિવીંગસ્ટન, ,, | મહેશભાઈ દેસાઈ | ૨૦૧-૯૯૪-૯૬૮૧ |
| ૨૬-૫-૮૯ | શુક્રવાર | ૫-૭ | જર્સીસીટી, ,, | પ્રવીણભાઈ ડૉક્ટર | ૨૦૧-૪૫૧-૪૭૦૩ |
| ૨૭-૫-૮૯ | શનિવાર | ૧૦-૧ | વિલ્મીંગ્ટન, ડેલવર | બિન્દુબેન ચોકસી | ૩૦૨-૪૭૯-૦૪૩૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ,, | ,, | ૩-૪ | રીડીંગ, પેનસિલવેનીયા | ડૉ. કીર્તિભાઈ કાપડિયા | ૨૧૫-૭૭૯-૯૩૨૪ |
| ૨૮-૫-૮૯ | રવિવાર | ૧૦-૧ | હેમિલ્ટન સ્કવેર, ન્યુજર્સી | દલસુખભાઈ ચૌધરી | ૬૦૯-૫૮૬-૭૧૧૭ |
| ,, | ,, | ૪-૬ | સ્ક્રેન્ટન, પેનસિલવેનીયા | ડૉ. અમૃતભાઈ પટેલ | ૭૧૭-૩૪૩-૬૯૭૯ |
| ૨૯-૫-૮૯ | સોમવાર | ૫-૭ | યુનીયન, ન્યુજર્સી | જયશ્રીબેન પટેલ | ૨૦૧-૬૮૬-૫૮૫૩ |
| ૩૦-૫-૮૯ | મંગળવાર | ૫-૭ | કલીફ્ટન, ,, | ડૉ. પ્રકાશ વ્યાસ | ૨૦૧-૭૭૩-૪૯૧૪ |
| ૩૧-૫-૮૯ | બુધવાર | ૫-૭ | યુનીયનસીટી. ,, | કાન્તિલાલ પટેલ | ૨૦૧-૮૬૪-૩૭૬૪ |
| ૧-૬-૮૯ | ગુરુવાર | ૫-૭ | હોબોકન, ,, | ડૉ. સુભાષભાઈ પટેલ | ૨૦૧-૯૬૩-૧૮૬૫ |
| ૨-૬-૮૯ | શુક્રવાર | ૫-૭ | ડેનવીલ, ,, | દક્ષાબેન યોગેશ દવે | ૨૦૧-૬૨૭-૨૨૧૯ |
| ૩-૬-૮૯ | શનિવાર | ૧૦-૧ | ઓરેન્જ, કનેક્ટીકટ | ડૉ. રમેશ સીંગાલ | ૨૦૩-૭૯૫-૬૫૬૨ |
| ,, | ,, | ૩-૪ | હાર્ટફોર્ડ, ,, | પ્રમોદભાઈ શેલત | ૨૦૩-૫૨૧-૦૪૨૯ |
| ,, | ,, | ૫-૬ | બ્રીજપોર્ટ ,, | સૂર્યકાન્ત મિસ્ત્રી | ૨૦૩-૩૬૭-૩૪૯૧ |
| ૪-૬-૮૯ | રવિવાર | ૧૦-૧ | પીસ્કાટવે, ન્યુજર્સી | કલ્પનાબેન પટેલ | ૨૦૧-૯૮૫-૫૫૪૬ |
| ,, | ,, | ૩-૪ | મેટુચન, ,, | ભગવતપ્રસાદ શેલત | ૨૦૧-૫૪૮-૯૪૭૩ |
| ,, | ,, | ૫-૬ | એડિશન, ,, | અશ્વિનભાઈ ભગત | ૨૦૧-૭૬૯-૯૦૫૩ |
| ,, | ,, | ૬-૭ | ,, ,, | મંગલેશભાઈ દવે | ૨૦૧-૨૮૭-૪૯૩૪ |
| ૫-૬-૮૯ | સોમવાર | ૫-૭ | કાર્ટરેટ, ,, | ડૉ. મહેન્દ્રભાઈ પટેલ | ૨૦૧-૫૪૧-૫૭૭૮ |
| ૬-૬-૮૯ | મંગળવાર | ૧૨-૭ | યુનીયન સીટી, ,, | રતિભાઈ મિસ્ત્રી | ૨૦૧-૮૬૫-૭૨૮૨ |
| ૭-૬-૮૯ | બુધવાર | સાંજે | ન્યુયોર્કથી લંડન | — | — |
| ૮-૬-૮૯ | ગુરુવાર | સવારે | લંડન | — | — |
| ૧૦-૬-૮૯ | શનિવાર | સાંજે | લંડનથી મુંબઈ | — | — |
| ૧૧-૬-૮૯ | રવિવાર | સાંજે | મુંબઈથી અમદાવાદ | — | — |
| ૧૨-૬-૮૯ | સોમવાર | સવારે | અમદાવાદ | — | — |

# સમાચાર

* તા. ૭-૫-૮૯, વૈશાખ સુદ બીજ ને રવિવારના રોજ ચિ. પ્રજ્ઞા (પૂ. ગુરુદેવની નાની દીકરી પિન્કી)નો લગ્ન પ્રસંગ.

* તા. ૧૪-૫-૮૯ થી તા. ૧૦-૬-૮૯ સુધી પૂ. ગુરુદેવનો અમેરિકામાં કાર્યક્રમ યોજાયો છે. આથી પૂ. ગુરુદેવ તા. ૧૪-૬-૮૯ સુધી 'નીલેષા' મુકામે મળી શકશે નહિ.

તા. ૧૫-૬-૮૯ થી પૂ. ગુરુદેવ 'નીલેષા' મુકામે રાબેતા મુજબ મળશે.

* તા. ૧૮-૭-૮૯ ને મંગળવારના રોજ ગુરુપૂર્ણિમા છે. સવારે નવથી સાંજે પાંચ વાગ્યા સુધી પૂ. ગુરુદેવ નીચેના સરનામે મળી શકશે:

**શ્રી મહેશ્વરી સેવા સમિતિ**, મહેશ્વરી ભવન,
દિલ્હી દરવાજા બહાર, હાજીપુરા ગાર્ડન, અને શાહીબાગ ક્રોસિંગની મધ્યમાં,
**શાહીબાગ, અમદાવાદ.**

★


"ભગવતી હોસ્પીટલ" અને પ્રસૂતિગૃહ

○ ડૉ. ભરત ગાંધી, (એમ. એસ.), ○ મીના ગાંધી (એડવોકેટ)
નેશનલ હાઈવે - ઉદવાડા - R S. (જિ. વલસાડ)

☐ જય ગુરુદેવ — જય ગાયત્રી માતા ☐

રમેશભાઈ ડૉકટર સિલ્ક મિલ્સ

ખટોદરા — સૂરત — ટે. નં. ૪૨૧૫૪
પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈ પણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિના મૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : 'નીલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી,
ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલમોર ફ્લેટ્સ પાછળ,
ગુલબાઈનો ટેકરો, અમદાવાદ-૧૫.

સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ જળ લેવા ઇચ્છનારે ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.